## Current Affairs October-2018

## 1.November 2018

**(૧) જસ્ટિસ અકીલ કુરેશીની મુંબઇ હાઇકોર્ટમાં બદલી**

- ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ અકિલ કુરેશીની મુંબઇ હાઇકોર્ટમાં બદલી કરાઇ છે.
- જસ્ટિસ અકિલ કુરેશી ગુજરાત હાઇકોર્ટમાં બીજા નંબરના સિનિયર જસ્ટિસ તરીકે કાર્યરત છે.
- તેમની સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા મુંબઇ હાઇકોર્ટમાં બદલી કરવામાં આવી છે.
- ૧૯૮૩ થી ગુજરાતમાં ધારાશાસ્ત્રી તરીકે કાર્યરત થયેલ જસ્ટિસ કુરેશીની ૨૦૦૪ માં ગુજરાત હાઇકોરર્ટમાં જસ્ટિસ તરીકે નિમણૂક થઇ હતી.

**(૨) ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ :**

- વર્લ્ડ બેંન્કે ઇઝ ઓફ ડુંઇગ બિઝનેસનું રેટિંગ જાહેર કર્યું છે.
- ભારત આ રેન્કિંગમાં ૭૭ માં ક્રમે રહ્યું. ગયા વર્ષે ભારતને ઇઝ ઓફ ડુંઇગ બિઝનેસની યાદીમાં ૧૦૦ મું સ્થાન મળ્યું હતું.
- આ યાદીમાં ન્યુઝીલેન્ડ પ્રથમ સ્થાને છે. સિંગાપોર અને ડેનમાર્ક અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- અમેરિકા આ યાદીમાં આઠમા સ્થાને, ચીન ૪૨માં સ્થાને અને પાકિસ્તાન ૧૨૬ માં સ્થાને છે.
- આ યાદીમાં આ વર્ષે જીએસટી અને ઇનસોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ જેવા સુધારાનો લાભ સરકારને મળી શકે છે.
- વર્લ્ડ બેન્ક દર વર્ષે વેપારને સરળ કરનારા દેશોની યાદી જાહેર કરી છે. તેમાં કુલ ૧૯૦ દેશ હોય છે.
- દક્ષિણ એશિયાઇ દેશોમાં ભારત પ્રથમ સ્થાને રહ્યું છે.

**(૩) અનુપમ ખેર : FTII માંથી રાજીનામું**

- અભિનેતા અનુપમ ખેંરે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના ચેરમેનપદે રાજીનામું આપ્યું.
- અનુપમ ખેર ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા એવા પ્રથમ અધ્યક્ષ છે. જે તેમના કાર્યકાળ પૂર્ણ થયા પહેલા રાજીનામું આપે છે.
- એફટીઆઈઆઇની રચના ૧૯૭૪ માં થઇ હતી.
- એફટીઆઇઆઇની રચના બાદ તેમનો કાર્યકાળ સૌથી ટૂંકું છે.

**(૪) આઇએન તરંગીનીનો વિશ્વ પ્રવાસ પૂર્ણ :**

- ભારતીય નૌકાદળની ટ્રેનિંગ શિપ તરંગીની સાત મહિના લાંબી મુસાફરીમાં ૧૫ બંદરો અને ૧૩ દેશોની મુસાફરી કરીને દક્ષિણ નૌકા કમાન્ડમ પરત ફરી હતી.
- આઇએનએસ તરંગીનીએ અરબ સાગર, રાતો સમુદ્ર, સુએઝ કેનાલ, ભુમધ્યા મહાસાગર, જીબ્રાલ્ટરની ખાડી, ઉત્તરએટલાન્ટીક સાગર, ઇંગ્લીશ ચેનલ અને ઉત્તરીયા દરિયાથી લઇને નોર્વે સુધીની મુસાફરી કરી હતી.
- આ શિપે ફ્રાન્સમાં બોરડેક્ષમાં થ્રી ફેસ્ટીવલ ટાલ શિપ્સ રેગેન્ટાના સમાપન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- શિપે ટોલ શિપ્સ રેસ યુરોપ –૨૦૧૮ માં પણ ભાગ લીધો હતો.

**(૫) નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફ ઝઇને ગ્લેસ્મન પુરસ્કારથી સન્માનીત કરશે.**

- હાવર્ડ યુનિવર્સિટી છોકરીઓને શિક્ષણ લેવા માટે પ્રોત્સાહન આપવા માટે નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફ ઝઈને સન્માનિત કરશે.
- છઠ્ઠી ડિસેમ્બરે આયોજિત થનારા એક સમારોહમાં યુસફ ઝઇને ૨૦૧૮નો ગ્લેસ્મન પુરસ્કાર આપવામાં આવશે.
- યુસુફ ઝઈને ૨૦૧૪માં સૌથી નાની ઉંમરમાં નોબેલ શાંતિ એવોર્ડ એનાયત થયો હતો.
- હાલમાં ૨૦ વર્ષીય યુસફઝઈ ઇંગ્લેન્ડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીની વિદ્યાર્થીની છે.
- ગ્લેસ્મન એવોર્ડ હેઠળ વિશ્વભરનાં લોકોનાં જીવનસ્તરમાં સુધારા માટે કામ કરવાવાળી વ્યક્તિને ૧,૨૫,૦૦૦ ડોલર પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

**(૬) યુનિટી એક્સપ્રેસ :**

- યુનિટી એક્સપ્રેસ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનાં લોકાર્પણનાં દિવસે જ ભારતીય રેલવે દ્વારા શરૂ કરી.
- રાજકોટથી દક્ષિણ ભારત સુધીની આ યુનિટી એક્સપ્રેસ ટ્રેન સરદાર વલ્લભભાઇ પટેલનાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો પ્રચાર કરશે.
- યુનિટી એક્સપ્રેસમાં સ્પેશ્યલ કોચમાં સરદાર વલ્લભભાઇ પટેલનાં જીવન ચરિત્રને લઇને પોસ્ટરો અને સાહિત્ય રાખવામાં આવશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં અદીલ કુરેશીની કઇ હાઇકોર્ટમાં બદલી કરાઇ છે ?
- મુંબઇ હાઇકોર્ટ

(૨) ૨૦૧૮માં ઇઝ ઓફ ડુઇંગ અઝનેસ રેન્કિંગમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૭૭ મો

૩ તાજેતરમાં વિશ્વ પ્રવાસ પૂર્ણ કરનાર ભારતીય શીપ જણાવો ?
- આઇએનએસ તરંગિણી

Vivekanand Academy Gandhinagar

(૪) સૌથી નાની ઉંમરના નોબેલ શાંતિ એવોર્ડ વિજેતા મહિલા જણાવો ? :

– મલાલા યુસુફ ઝઇ

## 2.November 2018

**(૧) ઇઝ ઓફ મૂવિંગ ઇન્ડેક્સ રિપોર્ટ :**

– માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ઇઝ ઓફ મૂવિંગ ઇન્ડેક્સ ૨૦૧૮નો રિપોર્ટ જારી કર્યો હતો.

– ઇન્ડેક્સ મુજબ કોલકાતા પબ્લિક વાહનો માટે સૌથી સસ્તું શહેર છે.

– ઇન્ડેક્સ મુજબ અમદાવાદનાં વાહનો સમગ્ર ભારતમાં સૌથી સ્વચ્છ છે.

– સુરતમાં અકસ્માતો ઓછા હોવાથી માર્ગ અકસ્માત મામલે ભારતમાં સૌથી સુરક્ષિત છે.

– જબલપુરનાં જાહેર વાહનો મહિલાઓ માટે ભારતમાં સૌથી સુરક્ષિત છે.

**(૨) ઉપરાષ્ટ્રપતિનો વિદેશ પ્રવાસ :**

– ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈકેયા નાયડુ સાત દિવસીય વિદેશ પ્રવાસ પર ગયા.

– તેઓ આફ્રિકા ખંડના ત્રણ દેશોની મુલાકાતે ગયા.

– તેઓ બોત્સવાના, ઝિમ્બામ્બે અને મલાવી દેશની મુલાકાત લેશે.

– તેઓની સાથે એક પ્રતિનિધિમંડળ અને સામાજિક ન્યાય અને અધિકાર રાજ્યમંત્રી કૃષ્ણાલાલ ગુર્જર પણ આ પ્રવાસે જોડાયા.

– મુખ્ય માહિતી :

– બોત્સવાના : ગાબોરોને, રાષ્ટ્રપતિ, – મોકવીતસી મસીસી

– ઝિમ્બામ્બે : રાજધાની – હરારે, રાષ્ટ્રપતિ, એમર્સન મંગાગ્વા

– મલાવી : રાજધાની : લીલોગ્વે, રાષ્ટ્રપતિ – પીટર મુથારિકા

**(૩) ભારતની ૫૦ વસ્તુ પર યુ.એસ.એ. જકાત લાદી :**

– અમેરિકાએ ૯૦ વસ્તુને ડ્યુટી ફ્રી આયાતની યાદીમાંથી હટાવી આ વસ્તુઓની આયાત પર હવે અમેરિકામાં જકાત લાગશે.

– ભારત તેમાંથી લગભગ ૫૦ ચીજવસ્તુની નિકાસ અમેરિકામાં કરે છે તેમાં મોટા ભાગની હેન્ડલૂમ અને કૃષિ ક્ષેત્રને લગતી ચીજવસ્તુ છે.

– અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આ આદેશ ૧ નવેમ્બરતથી લાગુ થઇ ગયો છે.

– ૨૦૧૭માં ભારતે જીએસપી હેઠળ અમેરિકાને ૫.૬ અબજ ડોલરની ડ્યુટી ફ્રી નિકાસ કરી હતી.

**(૪) ભારતનો વિન્ડીઝ સામે સતત ૮ મી સીરિઝ પર વિજય :**

– ભારતે પાંચમી અને અંતિમ વન–ડે માં વેસ્ટ ઇન્ડિઝને ૯ મી વિકેટથી હરાવીને સીરિઝ – ૩–૧ થી જીતી લીધી છે.

– ટીમ ઇન્ડિયાએ છેલ્લા ૧૧ વર્ષમાં વેસ્ટ ઇન્ડિઝા સામે સતત આઠમી દ્વિપક્ષીય વન–ડે સીરિઝ જીતવામાં સફળ રહી હતી.

– વિરાટ કોહલી મેન ઓફ ધ સીરિઝ જાહેર થયો હતો.

**સીરિઝમાં રોહિત શર્માનના રેકોર્ડ્સ**

**સૌથી ઓછી ઇનિંગમાં રોહિતનો ૨૦૦ છગ્ગાનો રેકોર્ડ**

– રોહિત શર્માએ આ મેચમાં ૪ છગ્ગા ફટકાર્યા હતા. વન–ડે ક્રિકેટમાં અત્યાર સુધી ૧૮૭ ઇનિંગમાં ૨૦૨ છગ્ગા ફટકારી ચુક્યો છે.

– રોહિતે આ સાથે સૌથી ઓછી ઇનિંગમાં વધુ છગ્ગા છટકારવાની ડબલ સદી પુરી કરનાર પહેલો બેટ્સમેન બની ગયો છે.

– તેણે પાકિસ્તાનના શાહિદ અફરીદી (૧૯૫ ઇનિંગ) નો રેકોર્ડ તોડ્યો હતો.

રોહિત શર્માએ ત્રીજીવાર વર્ષમાં ૧ હજાર રન પૂરા કર્યા

– રોહિતએ વર્ષ ૨૦૧૮માં વન–ડે ક્રિકેટમાં ૧૦૦૦ રન પૂરા કરી લીધા છે. તેણે આ વર્ષે ૧૯ મેચમાં ૧૦૩૦ રન કર્યા છે.

– તે ૨૦૧૮માં ૧૦૦૦ રનનો આકડો પુરો કરનાર ત્રીજો બેટ્સમેન છેવ અન્ય બેટ્સમેનમાં ભારતના કોહલી (૧૨૦૨ રન) અને ઇંગ્લેન્ડના જોની બેયરસ્ટરો (૧૦૨૫ રન) એ આ વર્ષમાં ૧૦૦૦ રન કર્યા છે.

– રોહિત કારકિર્દીમાં આ પહેલા ૨૦૧૩, ૨૦૧૭માં ૧૦૦૦ રન પુરા કરી ચુક્યો છે.

રોહિત શર્મા ૧૧ હજાર રન કરનાર ૧૧ મો ભારતીય બેટ્સમેન બન્યો.

– રોહિત શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૧ હજાર રન પૂરા કર્યા છે. ત્રણેય ફોર્મેટમાં કુલ તેના નામે ૧૧૦૧૯ રન થઇ ગયા છે.

– રોહિત શર્મા આ આંકડો પાર કરનાર ભારતનો ૧૧ મો ખેલાડી બન્યો છે.

– ૩૪૩૫૭ રન સાથે સચિન તેંડુલકર પહેલા સ્થાને છે. ૨૬૦૬૪ રન સાથે રાહુલ દ્રવિલ બીજા અને ૧૮૬૬૫ રન સાથે વિરાટ કોહલી ત્રીજા સ્થાને છે.

**(૫) વિશ્વનો સૌપ્રથમ કોમર્શિયલ ફોલ્ડેબલ ફોન :**

– ચીનમાં બિજિંગ ખાતે રોયલ ફલેક્સપાઇ નામનો વિશ્વનો સૌ પ્રથમ કોમર્શિયલ ફોલ્ડેબલ સ્માર્ટફોન લોન્ચ કરાયો છે.

– ફોલ્ડબલ સ્માર્ટફોનમાં ડિસ્પ્લે માટે પ્લાસ્ટિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(૬) ઇંગ્લેન્ડની સારા ડોક્સ પ્રીમિયરશિપ કપમાં રેફરી બનનાર પહેલી મહિલા બનશે**

- ઇંગ્લેન્ડની સારા કોકસને પ્રીમિયરશિપ કપમાં રેફરી બનનારી પહેલી મહિલા હશે.
- ૨૯ વર્ષની કોક્સને માર્ચ ૨૦૧૬માં રગ્બી ફૂટબોલ યુનિયનની સેન્ટ્રલ કોન્ટ્રક્ટ આપવામાં આવ્યો હતો.
- ત્યારે પહેલી પ્રોફેશનલ મહિલા રગ્બી રેફરી બની હતી.
- તેણે આ વર્ષે માર્ચમાં ઇંગ્લેન્ડમાં ચેમ્પિયનશીપ કોરનિશ પાયરેટ્સ અને ડોનકાસ્ટર નાઇટ્સની મેચમાં રેફરીની ભુમિકા નિભાવી હતી.
- તે પુરૂષોની આ ટુટિયર ટુર્નામેન્ટમાં રેફરી બનનારી પહેલી મહિલા હતી.
- તેણે આ વર્ષે પુરૂષોની બે આંતરરાષ્ટ્રીય મેચોમાં પણ રેફરીની જવાબદારી નિભાવી હતી.

પ્રશ્નો :

૧ કેન્દ્રિય પરિવહન મંત્રી જણાવો ?
- નીતિન ગડકરી

૨ ઝિમ્બાબ્વેની રાજધાની જણાવો ?
- હરારે

3 વિશ્વનો પ્રથમ કોમર્શિયલ ફોલ્ડેબલ ફોનનું નામ જણાવો ?
- રોયલ ફ્લેક્સપાઇ

૪ શાહિદ આફ્રિદીનું કાર્યક્ષેત્ર જણાવો :
- ક્રિકેટ

## 3.November 2018

**(૧) રણોત્સવ**

- કચ્છમાં ૧ નવેમ્બર ૨૦૧૮ થી રણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો.
- જે ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ચાલશે.
- ગુજરાત સરકાર દ્વારા આયોજિત રણોત્સવમાં રાજ્યની સંસ્કૃતિ અને સૌંદર્યનો પરિચય કરાવવામાં આવશે.
- રણોત્સવનું આયોજન કચ્છના સફેદ રણ ખાતે 'ધોરડા' માં થાય છે.

**(૨) સુપ્રીમમાં ૪ નવા જજના શપથ :**

- ચીફ જસ્ટિસ રંજન ગોગોઇએ સુપ્રીમમાં ચાર જજ શપથ લેવડાવ્યા.
- જસ્ટિસ હેમંત ગુપ્તા, આર. સુભાષ રેડ્ડી, એમ.આર શાહ અને અજય રસ્તોગીને શપથ અપાવ્યા હતા.
- આ નિમણૂંક સાથે સુપ્રીમ કોર્ટમાં જજની સંખ્યા ૨૮મી થઈ છે તેમ છતાં હજી 3 પદ ખાલી છે.
- સુપ્રીમમાં કુલ જજની મંજૂર જગ્યા ૩૧ ની છે. સુપ્રીમ કોર્ટના બે જજ જસ્ટિસ કુરિયન જોસેફ ૨૯ મી નવેમ્બરે અને જસ્ટિસ મદન લુકુર ૩૦ ડિસેમ્બરે નિવૃત્ત થશે.
- ગુજરાતના જસ્ટિસ એમ.આર. શાહ ચાલુ વર્ષના ઓગસ્ટ ઓગસ્ટ મહિનામં પટણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ નિમાયા હતા.
- તેઓ ૨૦૦૪માં ગુજરાત હાઇકોર્ટના એડિશનલ જજ બન્યા હતા. તેવી જ રીતે જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અત્યાર સુધી ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે ફરજ બજાવતા હતા.
- ડિસેમ્બર ૨૦૦૨ માં તેમની નિમણૂંક આંધ્રપ્રદેશ હાઇકોર્ટમાં એડિશનલ જજ તરીકે થઇ હતી.
- જસ્ટિસ રસ્તોગી ૨૦૦૪ માં રાજસ્થાન હાઇકોર્ટમાં જજ બન્યા હતા. ચાલુ વર્ષના માહર્ચ મહિનામાં તેઓ ત્રિપુરા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા.
- જસ્ટિસ હેમંગ ગુપ્તાની ૨૦૦૨ માં પંજાબ અને હરિયાણા હાઇકોર્ટમાં જજ તરીકે નિમણૂંક થઇ હતી.
- ૨૦૧૭ માં તેઓ મધ્યપ્રદેશ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા.

**(૩) બાંગ્લાદેશ ખાંડ પર આયાત ડ્યુટી પાછી ખેંચી લેશે**

- બાંગ્લાદેશ અને ભારત વેપારને સરળ બનાવવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરશે.
- બાંગ્લાદેશ ભારતમાંથી ખાંડની આયાત પર ૪૦ ટકા ડ્યુટી ઘટાડવા સંમત થયા છે તેમ વાણિજ્ય પ્રધાન અને ભારતીય ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સેક્રેટરી રવિકાંત ઉલ્લેખ કર્યો હતો.
- બાંગ્લાદેશને ભારતમાંથી ખાંડની આયતા માટે ૪૦ ટકા ડ્યુટી ચૂકવવાની હતી.
- આ ઉત્પાદન સ્થાનિક ઉદ્યોગોને રક્ષણ આપવા માટે બાંગ્લાદેશની નકારાત્મક અસર થતી હતી.
- બાંગ્લાદેશની ખાંડની વાર્ષિક માગ ૧૬ લાખ ટન છે જેમાંથી રાજ્યની માલિકીની સુગર મિલો માત્ર ૮૦,૦૦૦ ટનનું ઉત્પાદન કરે છે અને બાકીનું ખાનગી ક્ષેત્ર દ્વારા આયાત કરવામાં આવે છે.

**(૪) એમએસએમઇ ક્ષેત્ર માટે ૫૯ મિનિટમાં લોન પોર્ટલનું લોન્ચિંગ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમએસએમઇ (શૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ) ક્ષેત્ર માટે ૫૯ મિનિટમાં લોન પોર્ટલનું લોન્ચિંગ કર્યું.
- આ પોર્ટલ દ્વારા માત્ર ૫૯ મિનિટમાં એક કરોડ સુધીની લોન મંજુર થઇ જશે.
- તેમની સરકારે એમએસઇ સેક્ટર માટે ૧૨ નીતિને અંતિમ સ્વરૂપ આપ્યું છે.
- સરકારની નીતિ થી આ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે અને રોજગારી ઊભી થશે.

- દેશની જીડીપીમાં એમએસએમઇ ક્ષેત્રનું યોગદાન લગભગ ૩૦ ટકા જેટલું છે. જ્યારે કુલ નિકાસમાં તેનો હિસ્સો ૪૦ ટકા જેટલો છે.
- ઉત્પાદન ક્ષેત્રમાં તેનો હિસ્સો ૪૫ ટકા થવા જાય છે.
- સરકારે શરૂ કરેલા કાર્યક્રમ ૧૦૦ દિવસ ચાલશે અને તેમાં દેશના ૧૦૦ જિલ્લાને આવરી લેવાશે.

**(૫) અમદાવાદ એરપોર્ટને પ્લાસ્ટિક ફ્રી બનાવવા અભિયાન શરૂ**

- અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ફ્રી જાહેર કરી દેવામાં આવ્યો છે.
- જ્યારે બાકીના સંપૂર્ણ એરપોર્ટ વિસ્તારને પ્લાસ્ટિક ફ્રી કરવાની કવાયત ચાલુ છે.
- એરપોર્ટને પ્લાસ્ટિક ફ્રી બનાવવા ઓથોરિટીના અભિયાન હેઠળ ટર્મિનલ પર કર્મચારીઓ દ્વારા અમદાવાદ એરપોર્ટ પ્લાસ્ટિક ફ્રી બનાવા જઇ રહ્યું છે તેવા પોસ્ટર સાથે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.
- સંપૂર્ણ એરપોર્ટને પ્લાસ્ટિક ફ્રી જાહેર કરી દેવામાં આવ્યો.
- ટર્મિનલ પર પ્લાસ્ટિક ક્રસિંગ મશીન પર મૂકાશે.
- એરપોર્ટ પર પ્લાસ્ટિકની થેલી લઇને આવતા લોકો પાસેથી થેલી લઇ તેમને પેપરની થેલી અપાશે.

**(૬) અતુલ ગોયલની યુકો બેન્કના એમ.ડી. સીઇઓ પદે નિયુક્તી**

- અતુલકુમારની ગોયલ યુકો બેન્કના એમડી અને સીઇઓનું કામકાજ સંભાળી લીધું છે. તે યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયાના કાર્યકારી નિર્દેશક હતા.
- તેમની કારકિર્દી ૧૯૯૨ માં અલ્હાબાદ બેન્કથી શરૂ થઇ હતી.
- તેઓ યુકો બેંકમાં આર.કે. ઠક્કરની જગ્યા લેશે.

**(૭) રણજી ટ્રોફીની શરૂઆત :**

- ૧ નવેમ્બરથી રણજી ટ્રોફીની શરૂઆત થઇ ચૂકી છે.
- આ વખતે ૮ નવી ટીમો અને બિહારની વાપસી થઇ છે. આમ ૨૮ જુની ટીમો અને બિહાર સાથે ૯ નવી ટીમો સહીત કુલ ૩૭ ટીમો રણજી ટ્રોફીમાં રમી રહી છે.
- નવી ટીમોમાં અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, મિઝોરમ, મણીપુર, નાગાલેન્ડ, મેઘાલય અને પોડિંચેરી ટીમનો સમાવેશ થાય છે.
- આ તમામ ટીમોએ હાલમાં ૫૦ ઓવરની વિજય હજારે ટ્રોફી ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો હતો પરંતુ લાલ બોલથી રમવું તેમના માટે મોટો પડકાર હશે.
- આ નવ ટીમોને પ્લેટ ગ્રુપમાં રાખવામાં આવી છે જે એક બીજા સામે રમશે.

પ્રશ્નો :

૧ કચ્છમાં ‘રણોત્સવ’ નું આયોજન કયાં સ્થળે થયું છે ?
- ધોરડો

૨ સુપ્રીમ કોર્ટના કુલ કેટલા જજની જગ્યા મંજુર છે ?
- ૩૧

૩ યુકો બેન્કના નવા એમડી જણાવો ?
- અતુલકુમાર ગોયલ

૪ રણજી ટ્રોફી ૨૦૧૮માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો ?
- ૩૭

## 4.November 2018

**(૧) સુપ્રીમકોર્ટની સફર :**

- કોર્ટની ટૂર ગાઇડેડ યોજના હેઠળ કેટલાક સામાન્ય લોકોના જૂથને કોર્ટમાં બોલાવાયા અને પરિસર બતાવાયું.
- સુપ્રીમકોર્ટ દર શનિવારે પ્રજા માટે ખૂલશે. લોકો ત્યાં જઇ શકશે, કોર્ટની અંદરનું વાતાવરણ નિહાળી શકશે, જાણી શકશે કે દેશની સૌથી મોટી કોર્ટમાં કઇ જગ્યાએ બેસીને મોટા મોટા નિર્ણયો કરાય છે.
- ચીફ જસ્ટિસ રંજન ગોગોઇએ ટૂર ગાઇડડ યોજના હેઠળ તેની જાહેરાત કરી હતી.
- આ યોજના હેઠળ દર શનિવારે ૨૦ થી વધુ લોકો કોર્ટમા ફરવા પહોંચશે.
- સામાન્ય લોકો માટે સુપ્રીમકોર્ટ જવાનો સમય સવારના ૧૦ થી ૧૦:૩૦ વાગ્યાનો હશે.
- જોકે જે શનિવારે સરકારી રજા રહેશે તે દિવસે ટૂર નહીં થાય.
- ટૂર માટે સુપ્રીમકોર્ટની વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

**(૨) સાપુતારામાં દિવાળી ફેસ્ટિવલ :**

- સહ્યાદ્રિ પર્વતમાળાની ગોદમાં વસેલા ખૂબસૂરત ગિરિમથક સાપુતારા ખાતે દિવાળી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું.
- ૩જી નવેમ્બરથી ૨૩ દિવસ માટેના દિવાળી ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- જેનું ઉદ્ઘાટન રાજ્ય વન તથા આદિજાતિ વિકાસ મંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું.
- ૨૩ દિવસની મેગા ઇવેન્ટ દરમિયાન રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા મળશે.
- દિવસ દરમિયાન જુદાં જુદાં સ્થળે જુદી જુદી ગેમ્સ, એક્ટિવિટીનું પણ આયોજન કરાયુ છે.
- સાપુતારા ખાતે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી વિવિધ ફેસ્ટિવલો ચાલી રહ્યા છે.

- જેમાં ઓગસ્ટ મહિનામાં મોન્સુન, નવેમ્બર – ડિસેમ્બરમાં વિન્ટર (દિવાળી) અને મે મહિનામાં સમર ફેસ્ટિવલ યોજાય છે.
- સાપુતારામાં ફેસ્ટિવલો શરૂ કરાવવામાં પ્રવાસન નિગમના ભૂતપૂર્વ ડિરેક્ટર દિનેશ દાસાની પણ મુખ્ય ભૂમિકા રહી છે.

(૩) વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ – ૨૦૧૮

- તાજેતરમાં યુએન દ્વારા વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ – ૨૦૧૮ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટમાં ભારત ૧૩૩મા સ્થાન પર રહ્યો.
- ગયા વર્ષે આ રિપોર્ટમાં ભારત ૧૨૨ માં નંબરે પર હતો
- રિપોર્ટમાં પાકિસ્તાન ૭૫, નેપાળ ૧૦૧, ભૂટાન ૯૭, શ્રીલંકા – ૧૧૬ અને બાંગ્લાદેશ ૧૧૫માં નંબરે છે.
- આ રિપોર્ટમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે રહ્યું. જ્યારે નોર્વે અને ડેન્માર્ક અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા.
- ૧૫૬ દેશોના આ રિપોર્ટમાં પ્રતિ વ્યક્તિ જીડીપી, સામાજિક સમર્થન, સ્વચ્છ જીવન, સામાજિક સ્વતંત્રતા, ઓછો ભ્રષ્ટાચાર અને ઉદારતા જોવામાં આવે છે.

(૪) દરેક ઘરમાં વીજળી આપનાર દેશનું આઠમું રાજ્ય – બિહાર

- બિહાર દરેક ઘરમાં વીજળી આપનાર દેશનું આઠમું રાજ્ય બન્યું.
- બિહારમાં ૧ કરોડ ૪૦ લાખ ઘરોમાં વીજળી આપવામાં આવ્યા છે.
- દેશમાં દરેક ઘરમાં વીજળી પહોંચાડનાર રાજ્યની યાદીમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં મધ્યપ્રદેશ અને પંજાબ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

બિહારની મુખ્યમાહિતી

- મુખ્યમંત્રી : નિતિશ કુમાર
- રાજ્યપાલ : લાલજી ટંડન

**(૫) રાહુલ દ્રવિડ આઇસીસી હોલ ઓફ ફેનમાં સમાવેશ થનાર પાંચમો ભારતીય ખેલાડી**

- રાહુલ દ્રવિડ આઇસીસી હોલ ઓફ ફેમમાં સમાવેશ થનાર પાંચમો ભારતીય ખેલાડી બન્યો છે.
- તેણે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની પાંચમી વન–ડે પહેલા સુનીલ ગાવસ્કરે કેપ આપીને ઔપચારિક્તા પુરી કરી હતી.
- દ્રવિડને રિકી પોન્ટિંગ અને ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટર ક્લેઅર ટેલરની સાથે જુલાઇમાં આઇસીસીની વાર્ષિક બેઠકમાં હોલ ઓફ ફેમમાં સમાવેશ થવાની જાહેરાત કરી હતી.

૧ સાપુતારામાં દિવાની ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?

- રમણલાલ પાટકર

૨ વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ – ૨૦૧૮માં ભારતનો ક્રમ જણાવો ?

- ૧૩૩ માં

૩ દેશમાં દરેક ઘરમાં વીજળી પહોંચાડનાર રાજ્યની યાદીમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

- ગુજરાત

(૪) બિહારના મુખ્યમંત્રીનું નામ જણાવો ?

- નિતિશ કુમાર

(૫) આઇસીસી હોલ ઓફ ફેનમાં કુલ કેટલા ભારતીયોનો સમાવેશ થયો છે ?

- પાંચ

## 5.November 2018

**(૧) ઇફકો – વર્લ્ડની સૌથી મોટી સહકારી કંપની :**

- તાજેતરમાં વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર ૨૦૧૮ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટ ઇન્ટરનેશનલ કો – ઓપરેટિવ એલાયન્સ (આઇસીએ) અને યુરોપિયન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓન કો ઓપરેટિવ એન્ડ સોશિયલ એન્ટરપ્રાઇઝિસ (યુરિક્સ) દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.
- આ સાતમો વાર્ષિક વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર રિપોર્ટ હતો જેમાં વર્લ્ડની સૌથી મોટી સહકારી કંપનીઓની સૂચિમાં ઇફકોનું ટોચનું સ્થાન મળ્યું.
- આ યાદીમાં અમુલ બીજા સ્થાને છે.

ઇફકો મુખ્યમાહિતી :

- Indian Farmers Fertiliser cooperative
- વડુમથક – નવી દિલ્લી

(૨) દેશબંધુ : ચિત્તરંજન દાસ :

- ભારતીય સ્વતંત્રતા સંગરમના સેનાની એવા ચિતરંજન દાસનો આજે જન્મ દિવસ.
- તેમનો જન્મ ૫ નવેમ્બર ૧૮૭૦ ના રોજ ઢાકા (હાલ બાંગ્લાદેશ) ખાતે થયો હતો.
- સી.આર. દાસ ૧૮૯૨ માં બેરિસ્ટર થઇ વકીલાતના વ્યવસાયમાં જોડાયા હતા.
- તેઓ ૧૯૧૭માં રાજનીતિમાં આવ્યા અને દેશસેવા અને રાષ્ટ્રીય સંઘર્ષને કારણે દેશબંધુની ઉપમા પામ્યા હતા.
- ૧૯૨૪ માં અસહકાર આંદોલનની અસફળતા બાદ પંડિત મોતીલાલ નહેરૂ અને વિઠ્ઠલભાઇ પટેલ સાથે મળી સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી હતી.

- તેમણે ૧૯૨૦ માં ઢાકામાં તેમણે રાષ્ટ્રીય વિદ્યાલયની સ્થાપના કરી હતી.
- ૧૬ જૂન ૧૯૨૫ ના રોજ દેશબંધુ ચિતરંજન દાસનું અવસાન થયું હતું.

(3) વિશ્વનો સૌથી મોટો મચ્છર :

- ચીનના કીટ વિજ્ઞાની ઝાઓલીને સિચુઆન પ્રાંતના કયું ઇંગચેંગ માઉન્ટન પર ફિલ્ડ ઇન્સ્પેક્શન દરમિયાન વિશ્વનો સૌથી મોટા મચ્છર મળ્યા આવ્યો.
- ૨૫.૮ સે.મી. લાંબુ શરીર અને ૧૧.૧૫ સે.મી. લાંબો વિંગ સ્પાન ધરાવતા આ મચ્છરે વિશ્વના સૌથી મોટા મચ્છર તરીકે ગિનીસ બુકમાં સ્થાન મેળવ્યું છે.
- તે જાપાનની હોલોરુસિયા મિકાડો પ્રજાતિનો છે.

(૪) દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે ઇનના પત્નીની ભારત મુલાકાત :

- દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે ઇનનાં પત્ની કિમ જોંગ સૂક ભારતની મુલાકાતે આવ્યા છે.
- પહેલી ઘટના છે કે કિમ પોતાના પતિ વગર એકલાં કોઇ દેશની મુલાકાતે ગયાં હોય.
- કિમ અયોધ્યામાં તારીખ ૬ ને મંગળવારના રોજ દિવાળીના આગલા દિવસે યોજાતા દીપોત્સવ કાર્ય ક્રમમાં હાજરી આપશે.
- દક્ષિણ કારિયાના રાષ્ટ્રપતિ મૂન જે ઇન ગઇ ૧૨ મી સપ્ટેમ્બરે ભારત આવ્યા હતા.
- દિલ્હી નજીક નોંઇડા ખાતે તેમની હાજરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ

દક્ષિણ કોરિયા મુખ્યમાહિતી :

- રાજધાની : સોલ

**(૬) ભારતથી પ્રથમવાર ટ્રેન નેપાળના બિરાટનગર પહોંચી :**

- ભારતમાં બિહારથી પહેલી વખત પેસેન્જર ટ્રેન નેપાળના બિરાટનગર પહોંચી.
- ટ્રેનની આ ટ્રાયલમાં ભારતીય રેલવે એન્જિનિયર્સ અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારી પણ સામેલ હતા.
- આ પ્રોજેક્ટનો ખર્ચ ૪૪૮ કરોડ રૂપિયા છે.
- બંને દેશો એ આ પ્રોજેક્ટ બે વર્ષમાં પુરૂ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.
- હવે યાત્રીઓ માટે ડિસેમ્બરથી ટ્રેન થઇ જશે.
- આ ટ્રેન બિહારના જયનગરથી નેપાળના જનકપુરના ધનુષા જિલ્લાના કુર્થી સુધી ચાલશે.

**(૭) બાઇલ્સ એક વર્લ્ડ ચેમ્પિયનની ૬ ઇવેન્ટમાં મેડલ જીતનારી પહેલી જિમ્નાસ્ટ બની.**

- અમેરિકાની સિમોન બાઇલ્સે વર્લ્ડ જિમ્નાસ્ટ ચેમ્પિયનશીપમાં વ્યક્તિગત ફ્લોર એક્સરરાઇઝમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- આ બાઇલ્સનું ૧૪ મું વર્લ્ડ ટાઇટલ છે.
- ૨૧ વર્ષની બાઇલ્સનો આ વર્તમાન ચેમ્પિયનશીપમાં ચોથો ગોલ્ડ અને છઠ્ઠો મેડલ છે.
- બાઇલ્સે એક વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૬ મેડલ જીતનારી પહેલી જિમ્નાસ્ટ વછે.
- તેણે ટીમ, ઓલરાઉન્ડ, વોલ્ટ, ફ્લોર ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો જ્યારે અનઇવન બાર્સમાં સિલ્વર અને બેલેન્સ બીમમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.
- આ અગાઉ સોવિયેત યુનિયનની એલેને શુસુનોવાએ ૧૯૮૭માં નેધરલેન્ડમાં ચેમ્પિયનશીપમાં ૬ મેડલ જીત્યા હતા.

પ્રશ્નો :

૧ વર્લ્ડની સૌથી મોટી સહકારી કંપનીનું નામ જણાવો ? :

- ઇફ્કો

૨ IFFCO નું પુરૂનામ જણાવો ?

- Indian Faners Feutilisen cooperative

૩ ઢાકામાં રાષ્ટ્રીય વિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી ?

- ચિતરંજન દાસ

૪ ચિતરંજનદાસનો જન્મ ક્યાં થયો હતો ?

- ઢાકા, બાંગ્લાદેશ

૫ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

- મૂન જે ઇન

૬ એક વર્લ્ડ ચેમ્પિયન ૬ ઇવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ જિમ્નાસ્ટ જણાવો ?

- સિમોન બાઇલ્સ

## 6.November 2018

**(૧) રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ– ૫ નવેમ્બર**

- આયુષ મંત્રાલય દ્વારા દર વર્ષે ધનવંતરી જયંતી નિમિતે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી ૫ નવેમ્બરના રોજ કરવામાં આવી હતી.
- આ પ્રસંગે આયુષ મંત્રાલય દ્વારા નીતિ આયોગના સહયોગથી આયુર્વેદમાં એન્ટરપ્રિન્યરશિપ અને બિઝનેસ વિકાસ પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨) એન.રામને રાજા રામ મોહન રોય પુરસ્કાર :

- વરિષ્ઠ પત્રકાર અને હિન્દુ ગ્રુપ ઓફ પબ્લિકેશન્સના અધ્યક્ષ એન રામને રાજા રામ મોહન રોય પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- રાજા રામ મોહન રોય પુરસ્કાર પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- જે પત્રકારત્વમાં તેમના શ્રેષ્ઠ યોગદાન બદલ આપવામાં આવશે.
- આ એવોર્ડ ૧૬ મી નવેમ્બર નેશનલ પ્રેસ –ડે પ્રસંગે આપવામાં આવશે.

(૨) ‘ઉડાન’ હેઠળ રાજ્યમાં નવા રૂટ પર ફ્લાઇટ શરૂ કરાશે.

- ઉડાન યોજના હેઠળ એરપોર્ટ ઓથોરિટીએ ૧૫ થી વધુ એરલાઇન્સને દેશમાં ૪૫૩ રૂટ પર સેવા શરૂ કરવા મંજૂરી આપી છે.
- આ યોજના હેઠળ ગુજરાતમાં પણ કેટલાક નવા રૂટ શરૂ થશે જેમાં ભાડું રૂા. ૨૫૦૦ ની આસપાસ રહેશે.
- તમામ નાગરિકો વિમાનમાં મુસાફરી કરી શકે તે ઉદ્દેશ્ય સાથે ૨૦૧૬ માં કેન્દ્ર સરકારે નવી ઉડ્ડયન પોલિસી જાહેર કરી હતી.
- મોટા શહેરોની સાથે નાના શહેરોને પણ જોડી વિમાન સેવા શરૂ કરવા માટે ઉડે દેશ કા આમ નાગરિક (ઉડાન) રિઝનલ કનેક્ટિવિટી સ્કીમ જાહેર કરવામાં આવી હતી.
- આ સ્કીમ હેઠળ દેશમાં વિમાન સેવા શરૂ કરવામા માટે અરેપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ૨૦૧૭માં પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરવમાં આવી હતી.
- જેમા તમામ પ્રક્રિયા પૂર્ણ કરનાર ૫ એરલાઇન્સને ગુજરાત સહિત દેશમાં ૧૨૮ રૂટ પર વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ ઓથોરિટી દ્વારા જાન્યુઆરી ૨૦૧૮માં બીજા રાઉન્ડમાં ૧૫ એરલાઇન્સ ઓપરેટરોને ૩૨૫ રૂટ પર વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ સ્કીમ હેઠળ દેશમાં વિમાન સેવા શરૂ કરવા માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ૨૦૧૭માં પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.
- જેમાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરનાર ૫ એરલાઇન્સને ગુજરાત સહિત દેશમાં ૧૨૮ રૂટ પર વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ ઓથોરિટી દ્વારા જાન્યુઆરી ૨૦૧૮માં બીજા રાઉન્ડમાં ૧૫ એરલાઇન્સ ઓપરેટરોને ૩૨૫ રૂટ પર વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ગોલ્ફ જસ્ટિન રોસે ટર્કિશ ઓપન જીત્યું, વર્લ્ડ રેન્કિંગમાં ટોપ પર :

- ઇંગ્લેન્ડના જસ્ટીન રોસે ટર્કિશ ઓપન ગોલ્ફ ટુર ટાઇટલ પોતાના નામે કર્યું.
- ૩૮ વર્ષીય જસ્ટિને ચીનના લી હાઓતોંગને પ્લે ઓફમાં હરાવ્યો હતો.
- જસ્ટિન અને લીનો સ્કોર ૧૭ અંડર પા રહ્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે પ્લેઓફ રમાઈ હતી. જેમાં જસ્ટિનને જીત મેળવી હતી.
- આ જસ્ટિને કારકિર્દીમાં ૧૯ મું પ્રોફેશનલ ટાઇટલ જીત્યું હતું.
- આ જીત સાથે જ તે વર્લ્ડ રેન્કિંગમાં ટોચ પર પહોચી ગયો છે.
- આ પહેલા જસ્ટિન સપ્ટેમ્બરમાં નંબર વન પર પહોચ્યો હતો.
- પણ એક અઠવાડિયામાં જ અમેરીકાના બ્રુક્સ કોએપકાએ નંબર વનનો તાજ મેળવી લીધો હતો.
- આ ૨૦૧૭ બાદ પહેલીવાર છે કે જસ્ટિને ટુર ટાઇટલ બચાવ્યું હોય.

(૭) દેશની પ્રથમ સ્વદેશી સબમરીન આઇએનએસ અરિહંત :

- પરમાણુ શસ્રોથી સજ્જ દેશની પ્રથમ સ્વદેશી સબમરીન આઇએનએસ અરિહંત પોતાનો પ્રથમ અભ્યાસ સફળતાપૂર્વક પૂરો કર્યો.
- આ સાથે ભારતે પરમાણુ ત્રિકોણ એટલે ધરતી, આકાશ અને સમુદ્રમાંથી પરમાણુ હુમલો કરવાની સંપૂર્ણ ક્ષમતા મેળવી લીધી છે.
- અરિહંતની મારક ક્ષમતા ૭૫૦ કિમી સુધીની છે.
- અરિહંત જળ, સ્થળ – નભમાં પરમાણુ મિસાઇલ છોડવા સક્ષમ છે.
- અરિહંતનું વજન ૬૦૦૦ ટનનું છે તે ૧૫ મિસાઇલ એક સાથે છોડી શકવા માટે સક્ષમ છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટ્રેટેજિક સ્ટ્રાઇક ન્યુક્લિયર સબમરીન (એસએસબીએન) અરિહંતની ટીમ અને અધિકારીઓને મળી શુભેચ્છા પાઠવી હતી.
- આ સબમરીનના નિર્માણને ૧૯૭૦માં તત્કાલીન પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ મંજૂરી આપી હતી.
- આઇએનએસ અરિહંતની ડિઝાઇને ૧૯૮૪માં મંજૂરી આપી મળી હતી.
- વર્ષ ૧૯૯૮ માં આઇએનએસ અરિહંતેનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. તેનું નિર્માણ શીપ બિલ્ડીગ સેન્ટર વિશાખાપટ્ટનમ ખાતે થયું છે.
- ૨૬ જુલાઇ ૨૦૦૯ ના રોજ આઇએનએસ અરિહંતને લોન્ચ કરવામાં આવી હતી.
- ઓગસ્ટ ૨૦૧૩માં અરિહંતમાં પરમાણુ રીએક્ટરને એક્ટિવેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ક્યારે ઉજવાય છે ?

- ૫ નવેમ્બર

૨ આયુર્વેદ દિવસ ક્યા મંત્રાલય દ્વારા ઉજવવામાં આવે છે ?
– આયુષ મંત્રાલય
૩ ૨૦૧૮ના રાજા રામ મોહન રોય પુરસ્કાર વિજેતા જણાવો ?
– એન. રામ
૪ નેશનલ પ્રેસ ડે ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૧૬ નવેમ્બર
૫ ઉડાન નું પુરૂનામ જણાવો ?
– ઉડે દેશ કા આમ નાગરિક
૬ દેશની પ્રથમ સ્વદેશી સબમરીનનું નામ જણાવો ?
– આઇએનએસ અરિહંત
૭ આઇએનએસ અરિહંત લોન્ચ ક્યારે કરવામાં આવી હતી ?
– ૨૬ જુલાઇ ૨૦૦૯

## 7.November 2018

**(૧) પ્રસિદ્ધ ભજન ગાયક વિનોદ અગ્રવાલનું અવસાન :**

– વિખ્યાત ભજન ગાયક વિનોદ અગ્રવાલનું અવસાન થયું છે.
– વિનોદ અગ્રવાલ રાધાકૃષ્ણના ભજનો માટે વિખ્યાત હતા.
– તેમણે દેશવિદેશમાં ૧૫૦૦ થી વધુ લાઇવ કાર્યક્રમ યોજ્યા હતા.
– ૧૯૫૫ માં નવી દિલ્હીમાં જન્મેલા, વિનોદ અગવાલની ભજન ગાયનની અનુકૂલનશીલ શૈલી ખૂબ લોકપ્રિય છે.
– ભગવાન કૃષ્ણ માટેના તેમના પ્રેમ માટે તેઓ વૃંદાવનમાં સ્થાયી થયા.

**(૨) લિલિમા મિન્ઝે પ્રતિષ્ઠિત એકલવ્ય પુરસ્કાર :**

– ઓડિશાના વતની વુમન હૉકી ખેલાડી લિલિમા મિન્ઝે પ્રતિષ્ઠિત એકલવ્ય પુરસ્કાર સાથે સન્માન મેળવ્યું. પુરસ્કાર સાથે રૂા. ૫ લાખના રોકડ ઇનામનો સમાવેશ થાય છે.
– આ પુરસ્કાર ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ વેંગસકરના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.
– લિલિમા મિન્જે વર્ષ ૨૦૧૧ માં આર્જેન્ટિના ખાતે યોજાયેલ હોકી ટુર્નામેટ દરમિયાન પ્રથમ વખત ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

**(૩) ઉત્તરપ્રદેશના અયોધ્યામાં દીપોત્સવ પર્વ :**

– ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે દીપોત્સવ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.
– ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ પ્રસંગે ત્રણ મોટી જાહેરાતો કરી.
– યોગીએ જાહેરાત કરી કે ફૈઝાબાદનું નામ હવે અયોધ્યા હશે. અહીં જે મેડિકલ કોલેજ બનાવાઇ રહી છે તેનું નામ રાજા દશરથના નામે રખાશે.
– શ્રીજું અયોધ્યામાં બનનાર એરપોર્ટનું નામ ભગવાન રામના નામ પર હશે.
– ભવ્ય દિપોત્સવમાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે ઇનના પત્ની કીમ જોંગ સૂક હજાર રહ્યા હતા.
– તેઓએ અયોધ્યા ખાતે બંધનાર કોરિયન ક્વીન સ્મારકનું ભૂમિપૂજન કર્યું હતું.
– આ પ્રસંગે સરયુ નદીના કાઠે લેસર શાનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ દિપોત્સવમાં એક સાથે ૩ લાખ ૧ હજાર ૧૫૨ દીવા પ્રગટાવી વિશ્વવિક્રમ બનાવવામાં આવ્યો હતો.

**(૪) ૧૭ વર્ષ બાદ વિદેશમાં ઝિમ્બાબ્વેનો ટેસ્ટમાં વિજય**

– ઝિમ્બાબ્વેએ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશને ૧૫૧ રનથી હરાવી દીધું.
– જીતવા માટે ૩૨૧ રનના લક્ષ્યાંક સામે બાંગ્લાદેશની ટીમ ચોથા દિવસે બીજી ઇનિંગમાં ૧૬૯ રનમાં ઓલ આઉટ થઇ ગઇ હતી.
– ઝિમ્બાબ્વે ટીમે ૧૭ વર્ષ બાદ વિદેશમાં કોઇ ટેસ્ટ મેચ જીતી છે.
– આ પહેલા ૨૦૦૧ માં તેણે બાંગ્લા દેશને જ ચટગાવમાં ૮ વિકેટ હરાવ્યું હતું.

**(૫) ભારતે સતત સાતમી ટી–૨૦ સીરિઝ જીતી.**

– વિન્ડીઝને ૭૧ રને હરાવીને ત્રણ ટી–૨૦ મેચની સીરિઝ ૨–૦ થી જીતી લીધી છે.
– સુકાની રોહિત શર્માની (અણનમ–૧૧૧) ચોથી સદીની મદદથી ભારતે પહેલા બેટીંગ કરતા બે વિકેટે ૧૯૫ રનનો સ્કોર કર્યો હતો.
– રોહિતે ૬૧ બોલમાં ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકારી ને અણનમ ૧૧૧ રન કર્યા હતા.
– રોહિત સદી સાથે ટી–૨૦ ફોર્મેટમાં વધુ સદી કરનાર ખેલાડી બની ગયો છે.
– રોહિતે ટી–૨૦ માં સૌથી વધુ ૪ સદી નોંધાવી છે. તો સચિન તેંડુલકરે ટેસ્ટમાં ૫૧ અને વન–ડેમાં ૪૯ સદી નોંધાવી છે.
– રોહિતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સદી કરનાર બેટ્સમેન બની ગયો છે.

**(૬) હેરાથ એક ગ્રાઉન્ડમાં ૧૦૦ વિકેટ લેનાર વિશ્વનો શ્રીજો બોલ બન્યો :**

– ઇંગ્લેન્ડ શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં શ્રીલંકાના રંગના હેરાથને એક વિકેટ મળી હતી.
– પોતાની છેલ્લી ટેસ્ટ રમમી રહેલ હેરાથ ગોલના સ્ટેડિયમમાં ૧૦૦ વિકેટ પુરી કરી હતી.

- હેરાથ એક સ્ટેડિયમમાં ૧૦૦ વિકેટ પુરી કરી લીધી છે.
- હેરાથ એક સ્ટેડિયમમાં ૧૦૦ વિકેટ લેનાર વિશ્વનો ત્રીજો બોલર બની ગયો છે આ પહેલા શ્રીલંકાના મુથૈયા મુરલીધરન અને ઇંગ્લેન્ડના જેમ્સ એન્ડરસન પણ સિદ્ધી મેળવી ચુક્યા છે.

પ્રશ્નો :

૧ ભજન ગાયક વિનોદ અગ્રવાલનો જન્મ ક્યાં થયો હતો ?
- દિલ્હી

૨ તાજેતરમાં લિલિમા મિન્ઝેને કયો પુરસ્કાર એનાયત થયો ?
- એકલવ્ય પુરસ્કાર

૩ ફૈઝાબાદનું નવું નામ જણાવો ?
- અયોધ્યા

૪ લિલિમા મિન્ઝે કયા રાજ્યના વતની છે ?
- ઓડિશા

૫ ટી–૨૦ ફોર્મેટમાં સૌથી વધુ સદી કરનાર ખેલાડી જણાવો ?
- રોહિત શર્મા

૬ એક ગ્રાઉન્ડમાં ૧૦૦ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર જણાવો ?
- મુથૈયા મુરલીધરન

## 8.November 2018

**(૧) વિક્રમ સંવત ૨૦૭૫ પ્રારંભ :**

- વિક્રમ સંવત ૨૦૭૪ના વર્ષના વર્ષની વિદાય થઇ અને ૨૦૭૫ ના વર્ષનો પ્રારંભ થયો.
- વિક્રમ સંવત કે શાલીવાહન સંવતમાં પ્રત્યેક વર્ષનું નામ હોય છે.
- નામોની સંખ્યા ૬૦ જ છે. એટલે ૬૦ વર્ષનું એક વર્તુળ પુરૂ થાય એટલે પુન: બીજું વર્તુળ પ્રથમ નામથી શરૂ થાય છે.
- હિન્દુશાસ્ત્રો – પંચાગો મુજબ ચાન્દ્ર વર્ષના જે ૬૦ નામો છે છે તેમાં પ્રથમ નામ પ્રભવ છે. તથા આખરી ૬૦ મું નામ ક્ષય છે. ૨૦૭૪ નું વર્ષ વિદાય થયું તેનું નામ સૌમ્ય હું.
- ૨૦૭૫નું વર્ષ આવ્યું તેનું નામ વિરોધી છે.
- ગુજરાતમાં વિક્રમ સંવત ગણાય છે. જેનો પ્રારંભ કારતક (કાર્તિક) થી થાય છે તથા છેલ્લા માસ આસો (અશ્વિન) છે.
- દેશમાં શાલિવાહન શક સવંત પણ મનાવાય છે. જેનો આરંભ ચૈત્ર માસથી થાય છે.

**(૨) આંધ્રપ્રદેશમાં દેશની ૨૫ મી હાઇકોર્ટ :**

- સુપ્રીમકોર્ટે આંધ્રપ્રદેશ માટે અલગ હાઇકોર્ટ માટે મંજૂરી આપી છે.
- હાલમાં, આંધ્રપ્રદેશ અને તેલંગણામાં હૈદરાબાદમાં એક સામાન્ય હાઇકોર્ટ છે.
- નવી કોર્ટ, જે દેશમાં ૨૫ મી હાઇકોર્ટ હશે.
- સુપ્રમીકોર્ટે આંધ્રપ્રદેશ માટે અલગ હાઇકોર્ટ માટે મંજૂરી આપી છે અને તે આગામી વર્ષે ૧ જાન્યુઆરીથી કાર્યરત થઇ જશે.
- આગામી વર્ષથી હાલની અદાલત તેલંગણા હાઇકોર્ટ તરીકે જાણીતી રહેશે.

**(૩) ભારત ૪ વર્ષ માટે આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયન સભ્ય :**

- આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિશન યુનિયનની ચૂંટણીઓ આઇટીયુ પ્લેનીપોટેન્ટિઅરી કોન્ફરન્સ–૨૦૧૮ દરમિયાન દુબઇ યુએઇમાં યોજાઇ હતી.
- જેમાં ભારત દેશને વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી આંતરરષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયનના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યો.
- ભારત ૧૬૫ મત સાથે એશિયા – ઓસ્ટ્રેલીયા ક્ષેત્રમાં ત્રીજા સ્થાને રહ્યો.
- આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયનમાં ૧૯૩ દેશ છે જે ચુંટણીમાં પોતાના મત આપે છે.
- ભારત ૧૮૬૯ થી આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયનો સભ્ય છે.

**(૪) વડાપ્રધાને કેદારનાથમાં પૂજા કરી, જવાનો સાથે દિવાળી ઊજવી :**

- વડાપ્રધાન નરેદ્ર મોદીએ દિવાળીના તહેવાર નિમિત્તે ઉત્તરાખંડમાં હર્ષિલ આઇટીબીપીના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી.
- ત્યારબાદ તેમણે કેદારનાથ મંદિરમાં પૂજા કરી હતી.

આઇટીબીપી મુખ્ય માહિતી :

- ITBP- INDO TIBETAN BORDER POLICE
- સ્થાપના : ૨૪ ઓક્ટોબર ૧૯૬૨
- વડુમથક : નવી દિલ્લી

**(૫) યુએનની પોસ્ટલ એજન્સીએ દિવ્ળી પર સ્ટેમ્પ બહાર પાડ્યાં**

- યુનાઇટેડ સ્ટેટ્સ પોસ્ટલ સર્વિસ દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે ખાસ ટપાલ ટિકિટો બહાર પાડી છે.
- યુએન દ્વારા ૧.૧૫ ડોલરની ૧૦ ટિકિટની શીટ બહાર પાડવામાં આવી છે. જેના પર દીવા અને રોશનીની તસવીરો દેખાય છે
- યુનાઇટેડ, સ્ટેટ્સ પોસ્ટલ સર્વિસ (યુ.એસ. પી.એસ) ઓક્ટોબર ૨૦૧૬ માં દિવાળીના તહેવારના સન્માનમાં એક સ્મારક સ્ટેમ્પ રજૂ કરાઇ હતી.

પ્રશ્નો :



Vivekanand Academy Gandhinagar

૧ ૨૦૧૮માં કેટલામાં વિક્રમ સંવતનો પ્રારંભ થયો ?
– ૨૦૭૫
૨ વિક્રમ સંવત ૨૦૭૫ નું નામ જણાવો ?
– વિરોધી
૩ ગુજરાતમાં વિક્રમ સંવતનો પ્રારંભ કયા મહિનાથી થાય છે ?
– કારતક
૪ શક સંવતનો પ્રથમ મહિનો જણાવો ?
– ચૈત્ર
૫ દેશની ૨૮ મી હાઇકોર્ટ ક્યાં બનશે ?
– આંધ્રપ્રદેશ
૬ આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયનની ચુંટણીનું આયોજન કયાં થયું હતું ?
– દુબઇ યુએઇ
૭ USPC નું પુરૂનામ જણાવો ? :
– યુનાઇટેડ સ્ટેટ્સ પોસ્ટલ સર્વિસ

## 9.November 2018

**(૧) જૂનાગઢ આઝાદી દિન :**

– જૂનાગઢ નવાબે આઝાદી સમયે પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કર્યા બાદ આરઝી હકુમતે લડતા આપીને જૂનાગઢને આઝાદ કરાવ્યું હતું.
– ૯ નવેમ્બર, ૧૯૪૭ના રોજ જૂનાગઢ રાજ્ય આઝાદ થયું હતું અને ભારતનો ભોગ બન્યુ હતું.
– દર વર્ષે ૯ નવેમ્બર જૂનાગઢ મુક્તિ દિનની ઉજવણી કરવામાં આવે છે.

**(૨) આઇસીસી મહિલા વર્લ્ડ ટી–૨૦ ની શરૂઆત :**

– આઇસીસી મહિલા વર્લ્ડ ટી–૨૦ ની શરૂઆત ૯ નવેમ્બરથી થઇ.
– ગત વખતના ચેમ્પિયન વેસ્ટ ઇન્ડિઝમાં આ વખતે મહિલા વર્લ્ડ ટી–૨૦ નું આયોજન થઇ રહ્યું છે.
– ટુર્નામેન્ટની ફાઇનલ મેચ ૨૫ નવેમ્બરના રોજ એન્ટીગુઆના વિવિધયન રીચર્ડસ સ્ટેડીયમ ખાતે રમાશે.
– આ મહિલા વર્લ્ડ ટી–૨૦ ટુર્નામેન્ટમાં પહેલી મેચ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે યુગાનામાં ૯ નવેમ્બરના રોજ રમાશે.
– અહીં ભારત સહિત કુલ ૧૦ દેશોની મહિલા ટીમ ભાગ લઇ રહી છે. જે બે ગ્રૂપ (ગ્રૂપ – એ અને ગ્રૂપ – બી) માં વેચવામાં આવી છે.
– મહિલા વર્લ્ર્ડ ટી–૨૦ની આ છઠ્ઠી સીઝન રમાશે.
– અત્યાર સુધી સૌથી વધુ ઓસ્ટ્રેલિયાના મહિલા ટીમે આ ખિતાબ જીત્યો છે.
– જ્યારે સૌથી પહેલો ખિતાબ ઇંગ્લેન્ડે અને ૨૦૧૬માં વેસ્ટ ઇન્ડિઝે આ ખિતાબ જીત્યો છે.
– ભારતની મહિલા ટીમ હજુ સુધી ખિતાબથી વંચીત રહી છે.
– ભારતે આ પહેલા વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં સેમી ફાઇનલ સુધી જ પહોચી શક્યુ હતું.

અત્યાર સુધી આયોજન થયેલ કુલ પાંચ મહિલા ટી–૨૦ ટુર્નામેન્ટ

| વર્ષ | વિજેતા | હરીફ | કેટલા અંતરથી જીત |
|---|---|---|---|
| ૨૦૦૯ | ઇંગ્લેન્ડ | ન્યુઝિલેન્ડ | ૬ વિકેટથી જીત્યું |
| ૨૦૧૦ | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | ૩ રને જીત્યું. |
| ૨૦૧૨ | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ | ૪ રને જીત્યું. |
| ૨૦૧૪ | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ | ૬ વિકેટ જીત્યું. |
| ૨૦૧૬ | વેસ્ટ ઇન્ડિઝ | ઓસ્ટ્રેલિયા | ૮ વિકેટે જીત્યું. |

પ્રશ્નો :

૧ જુનાગઢ આઝાદી દિન ક્યારે મનાવાય છે ?
– ૯ નવેમ્બર
૨ વર્લ્ડ મહિલા ટી–૨૦ કપ – ૨૦૧૬ વિજેતા જણાવો ?
– વેસ્ટ ઇન્ડિઝ
૩ વર્લ્ડ ટી–૨૦ મહિલા કપ–૨૦૧૮ નું આયોજન કયાં થશે ?
– વેસ્ટ ઇન્ડિઝ
૪ સૌથી વધુ કયાં દેશે ટી–૨૦ મહિલા કપ જીત્યો છે ?
– ઓસ્ટ્રેલિયા

## 10.November 2018

**(૧) અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણી :**

– અમેરિકામાં યોજાયેલી મધ્યવર્તી ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ કોંગ્રેસના નીચલા ગૃહ એટલે કે પ્રતિનિધિ સભા પર જીતી મેળવી.
– રિપબ્લિકન પાર્ટીએ ઉપલા ગૃહ સેનેટમાં બહુમતી જાળવી રાખી છે.
– અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણી દર ચાર વર્ષે ચૂંટણી યોજાય છે.
– પરંતુ પ્રમુખનાં ચાર વર્ષના કાર્યકાળ વચ્ચે યોજાતી આ ચૂંટણીઓને મધ્યવર્તી ચૂંટણી કહેવાય છે.
– અમેરિકન સંસદના ઉપલા ગૃહની ૧૦૦માંથી ૩૫ બેઠકો અને નીચલા ગૃહની બધી ૪૩૫ બેઠકો માટે સાંસદોની ચૂંટણી થાય છે.
– તેમાં ૩૫ રાજ્યોના ગવર્નરની પણ ચૂંટણી થાય છે.
– કોલોરાડોમાં ડેમોક્રેટિક ઉમેદવાર જેંરેડ પોલિસનો વિજય થયો છે. તે સૌપ્રથમ સમલૈંગિક અમેરિકન ગવર્નર છે.

**(૨) ભારતના છ એરપોર્ટ પીપીપી મોડેલ અંતર્ગત :**

– ભારતના છ એરપોર્ટ પીપીપી મોડેલ અંતર્ગત ખાનગી ક્ષેત્રને કરાર સાથે સોપાશે.
– કેન્દ્રિય મંત્રીમંડળ. આ નિર્ણયને મંજૂરી આપી.

– ગુજરાતના અમદાવાદ અરેપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
– પીપીપી (પબ્લિક – પ્રાઇવેટ પાર્ટનર શીપ)

**પીપીપી અંતર્ગત ના ૭ એરપોર્ટ :**

– અમદાવાદ અરેપોર્ટ : સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટ
– જયપુર : જયપુર ઇન્ટરનેશનલ એરપોર્ટ
– લખનૌ : ચૌધરી ચરણ સિંહ અરેપોર્ટ
– ગુવાહાટી : લોકપ્રિય ગોપીનાથ બોરડોલાઇ એરપોર્ટ
– તિરુવનતપુરમ્ : ત્રિવેન્દ્રમ નેશનલ એરપોર્ટ
– મેંગલોર : મેંગલોર ઇન્ટરનેશનલ એરપોર્ટ

**(૩) થાઇ બિઝનેસમેન ૧૦૭૦ કરોડમાં ફોર્ચ્યુન મેગેઝિન ખરીદી લેશે**

– આંતરરાષ્ટ્રીય બિઝનેસ પત્રિકા ફોર્ચ્યુન એક વખત ફરી વેચાઈ રહી છે.
– આ વખતે થાઇલેન્ડના બિઝનેસમેન ચતચવલ જિયારાવાનોન તેને ખરીદી રહ્યા છે.
– તેઓ મેરેડિથ કોર્પોરેશનથી તેને ૧૫ કરોડ ડોલર (૧૦૭૦) કરોડ રૂપિયા) માં ટાઇમ બેંકને ખરીદવાની જાહેરાત કરી હતી.
– એ સોદો આ વર્ષે જાન્યુઆરીમાં પુરો થયો.
– મેરેડિથે સપ્ટેમ્બરમાં ટાઇમ મેગેઝિન સેલ્સફોર્સના સંસ્થાપક માર્ક બેનિઓફ અને તેમની પત્નીને ૧૯ કરોડ ડોલર (૧૩૭૫ કરોડ) માં વેચી દીધું હતું અને ફોર્ચ્યુન, મની અને સ્પોર્ટસ ઇલેસ્ટ્રેટ મોગેઝીન્સ પણ વેચવાની જાહેરાત કરી હતી.

**(૪) ફોર્ચ્યુન મેગેઝિન ૮૮ વર્ષ જૂનું છે.**

– ટાઇમના સહસંસ્થાપક હેનરી લ્યુસે ૧૯૩૦ માં ફોર્ચ્યુન મેગેઝીમન લૉન્ચ કર્યું હતું. તે ધનિકો અને પ્રભાવશાળી લોકો પર ફોક્સ કરતી હતી.
– હાલમાં તે ‘ફોર્ચ્યુન ૫૦૦ લિસ્ટ’ થી વધુ ઓળખાતી હતી.
– ફોર્ચ્યુન પત્રિકા પહેલાં મહિનામાં એક વખત છપાતી હતી. ૧૯૭૮માં ફોર્બ્સ સામે હરિફાઇ કરવા તેને પખવાડિક કરાઇ :

**(૫) અયોધ્યામાં ૧૫૧ ફૂટની રામની પ્રતિમા બનશે.**

– ઉત્તર પ્રદેશના અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામની ૧૫૧ ફૂટ ઊંચી મુર્તિ બનાવવામાં આવશે.
– ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દીપોત્સવ પર્વની ઉજવણી બાદ આ જાહેરાત કરી.
– આ મુર્તિનું નિર્માણ સરયુ નદીના કિનારે કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ ભારતના ૭ એરપોર્ટ પીપીપીમાં સમાવવામાં આવ્યા તેમાંથી ગુજરાતના કેટલા છે ?
– ૧
૨ પીપીપીનું પુરૂનામ જણાવો ?
– પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ
૩ ચૌધરી ચરણસિંહ એરપોર્ટ ક્યાં આવેલું છે ?
– લખનૌ
૪ ફોર્ચ્યુન મેગેઝીન લોન્ચ કોણે કર્યું હતું ?
– હેનરી લ્યુસે
૫ ૧૫૧ ફૂટની રામની પ્રતિમા ક્યાં બનાવવામાં આવશે ?
– અયોધ્યા, ઉત્તરપ્રદેશ

## 11.November 2018

**(૧) ૧૦ વિશ્વ વિજ્ઞાન દિવસ :**

– દર વર્ષે ૧૦ નવેમ્બરના રોજ વિશ્વ વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી વિશ્વમાં વિજ્ઞાનની મહત્વપૂર્ણ ભૂમિકા અને ઉભરતા વૈજ્ઞાનિક મુદ્દાઓ પર પ્રકાશ પાડવા કરાવમાં આવે છે.
– વિશ્વ વિજ્ઞાન દિવસ – ૨૦૧૮ ની થીમ ‘ વિજ્ઞાન – માનવ અધિકાર’
– ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે.

**(૨) ૧૧ નવેમ્બર – રાષ્ટ્રીય શિક્ષણ દિવસ :**

– ૧૧ નવેમ્બર અકુલ કલામ આઝાદનો જન્મદિવસ છે.
– તેમનો જન્મ ૧૧ નવેમ્બર ૧૮૮૮ ના રોજ સાઉદી અરબના મક્કામાં થયો હતો
– તેઓ ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી બન્યા હતા.
– ભારત સરકાર દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય શિક્ષણ દિવસ મનાવવામાં આવે છે.
– અબુલ કલામ આઝાદનું અવસાન ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ દિલ્લી ખાતે થયું હતું.
– તેમણે ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (મરણોત્તર) ૧૯૯૨માં આપવામાં આવ્યું હતું.
– રાષ્ટ્રીય શિક્ષક દિવસ ૫ સપ્ટેમ્બર ઉજવવામાં આવે છે જે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં મનાવાય છે.

**(૩) ૩૪૩ વર્ષ પહેલા ગોવિંદસિંહે શીખોના ૧૦ મા ગુરૂ બન્યા હતા**

– ૧૬૭૫ માં આજના દિવસે જ ગુરૂ ગોવિંદ સિંહ શીખોના ૧૦ મા ગુરૂ બન્યા હતા.
– તેમને આ પદવી પિતા ગુરૂ તેગ બહાદુરના નિધન પછી મળી હતી.
– તેઓ એક મહાન યૌદ્ધા, કવિ, ભક્ત અને આધ્યાત્મિક નેતા હતા.

- ૧૬૯૯ માં વૈશાખીના દિવસે તેમણે ખાલસા પંથની સ્થાપના કરી.
- જે શીખોના ઇતિહાસમાં સૌથી મહત્વની ઘટના ગણાય છે.
- ગુરૂ ગોવિંદ સિંહના દરબારમાં પર કવિ, લેખકોની હાજરી હતી, તેથી તેમને 'સંત સિપાહી' પણ કહેવાય છે.

**(૪) ઉપરાષ્ટ્રપતિની ફ્રાન્સ મુલાકાત :**

- ઉપરાષ્ટ્રપતિ એમ. વૈકેયા ત્રણ દિવસની ફ્રાન્સ મુલાકાતે ગયા
- તેઓ ફ્રાન્સના પેરિસ ખાતે યોજાયેલ શાંતિ મંચની બેઠકમાં ભાગ લેવાના હેતુથી ફ્રાન્સ ગયા.
- તેમણે ફ્રાન્સમાં ભારત દ્વારા નિર્માણ કરવામાં આવેલ યુદ્ધ સ્મારકનું લોકાર્પણ કર્યું.
- આ બેઠકનું આયોજન પ્રથમ વિશ્વ યુદ્ધના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર કરવામાં આવ્યું છે.
- પ્રથમ વિશ્વ યુદ્ધ : ૨૮ જુલાઇ ૧૯૧૪ થી ૧૧ નવેમ્બર ૧૯૧૮
- પ્રથમ વિશ્વ યુદ્ધમાં કુલ ૩૨ દેશોએ ભાગ લીધો હતો.

**ફ્રાન્સ મુખ્યમાહિતી :**

- રાજધાની : પેરિસ
- રાષ્ટ્રપતિ : ઇમેન્યુઅલ મેક્રોન
- વડાપ્રધાન : એડૌર્ડ ફિલિપ

**(૫) મુનાફ પટેલ – ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ :**

- મુનાફ પટેલે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે.
- ૩૫ વર્ષનો મુનાફ પટેલ ભારત તરફથી ૨૦૧૧માં અંતિમ ઇન્ટરનેશનલ મેચ રમ્યો હતો.
- તેણે ભારત તરફથી ૧૩ ટેસ્ટ, ૭૦ વન–ડે, અને ૩ ટી–૨૦ મેચ રમી છે.
- ત્રણેય ફોર્મેટમાં તેણે ૧૨૫ વિકેટ લીધી છે.
- મુનાફે ટેસ્ટમાં ૩૫, વન–ડે માં ૮૬ અને ટી–૨૦ માં ૪ વિકેટ લીધી છે.
- તેનો જન્મ ગુજરાતના ભરૂચ જિલ્લાના ઇખર ગામે થયો હતો.

**(૬) ચીનમાં એક વર્ચ્યુઅલ ન્યૂઝ રીડર :**

- ચીને એક વર્ચ્યુઅલ ન્યૂજ રીડર રજૂ કર્યો છે.
- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ટેકનોલોજી પર કામ કરનાર આ ન્યુઝ એન્ડર ન્યુઝ ચેનલ વેબસાઇટ અને સોશિયલ મીડિયા માટે ૨૪ કલાક સુધી સમાચારો વાંચી શકશે.
- ચીનની સરકારી ન્યુઝ એજન્સી શિન્હુઆએ તેના ટ્વિટર એકાઉન્ટ પર વર્ચ્યુઅલ ન્યૂઝ રીડરનો બે મિનિટનો વીડિયો પોસ્ટ કર્યો છે.
- આ આર્ટિફિશિયલ ન્યૂઝ એન્કર પ્રોફેશનલ ન્યૂઝ રીડરની જેમ જ સમાચારો વાંચશે. તેના કારણે પ્રોડક્શન ખર્ચ પણ ઘટાડી શકાશે.
- વર્ચ્યુઅલ એન્કરનો અવાજ, હોઠનું હલનચલન અને હાવ – ભાવ અસલી એન્કર જેવા જ છે.
- વર્ચ્યુઅલ એન્કર બનાવવામાં ચાઈનીઝ સર્ચ એન્જિન 'સોગો' ની મહત્ની ભૂમીકા છે.
- તેણે શિન્હુઆ માટે આ ટેકિનક તૈયાર કરી છે.
- આ એન્કર એનિમેશન છે, જે માણસ જેવું જ દેખાય છે.

**(૭) સુત્રાપાડા એ.પી. એમ.સી. નું લોકાર્પણ :**

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાની બજાર સમિતિને એ.પી.એમ. સી.નું લોકાર્પણ કર્યું.
- આ નવા નિર્મિત એ.પી. એમ.સી. રાજ્ય સરકારની કિસાન કલ્પવૃક્ષ યોજના અને કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાની કુલ ૮ કરોડ ૬૨ લાખની સહાયથી નિર્માણ પામ્યું છે.
- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની પાયાની જરૂરિયાતો પૂરી પડાશે.
- APMC- Agricultural Produce Market
- ગુજરાતમાં હાલ ૨૨૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ૨૨૪ માર્કેટ યાર્ડ તેમજ ૧૭૬ સબ યાર્ડ કાર્યરત છે.

**(૮) ડોટિન ટી–૨૦ વર્લ્ડ કપમાં સદી સાથે પાંચ વિકેટ લેનારી વિશ્વની પ્રથમ ખેલાડી :**

- વેસ્ટ ઇન્ડિઝે ખાતે ચાલી રહેલ મહિલા ટી–૨૦ વર્લ્ડ કપમાં વેસ્ટ ઇન્ડિઝની ઝડપી બોલર ડિંડ્રા ડૉટિન બાંગ્લાદેશ સામે ડૉટિન વર્લ્ડ કપમાં સદી કરનાર અને પાંચ વિકેટ ઝડપનાર દુનિયાની પહેલી ખેલાડી બની છે.
- આ કોઇ બોલરનો વર્લ્ડ કપમાં શ્રેષ્ઠ દેખાવ પણ છે.
- ડૉટિને ૨૦૧૦ વર્લ્ડ કપમાં બેટ્સવુમેન તરીકે સદી કરી હતી.
- આ પહેલા ૨૦૧૬માં દ. આફ્રિકાની લેગ સ્પિનર સુન લુસે ૮ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી

**પ્રશ્નો :**

૧ વિશ્વ વિજ્ઞાન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ નવેમ્બર

૨ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૮ ફેબ્રુઆરી

Vivekanand Academy Gandhinagar

૩ વિશ્વ વિજ્ઞાન દિવસ– ૨૦૧૮ની થીમ જણાવો ?
– વિજ્ઞાન – માનવ અધિકાર
૪ રાષ્ટ્રીય શિક્ષણ દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૧ નવેમ્બર
૫ અબુલ કલામ આઝાદનો જન્મ કયાં થયો હતો ?
– સાઉદી અરબના મક્કામાં
૬ ભારતના પ્રથમ શિક્ષણમંત્રી જણાવો ?
– અબુલ કલામ આઝાદ
૭ ટી–૨૦ વર્લ્ડકપમાં સદી સાથે પાંચ વિકેટ લેનાર વિશ્વની પ્રથમ મહિલા જણાવો ?
– ડિઙ્ગ્રા ડોટિન

## 12.November 2018

**(૧) કે–૯ વજ અને એમ–૭૭૭ હોવીત્ઝરનો સેનામાં સમાવેશ :**

- ભારતીય સેના માં K–૯ વજ અને M– ૭૭૭ હોવીત્ઝરનો સમાવેશ
- ભારતીય સેનામાં કોરિયન તોપ K–૯ વજ અને અમેરિકન તોપ M– ૭૭૭ હોવીત્ઝરને સામેલ કરવામાં આવ્યા.
- નાસિક પાસે દેવલાલી આર્ટિલરી સેન્ટરમાં એક સમારંભમાં સંરક્ષણ પ્રધાન નિર્મલા સિતારામણે આ તોપોને સત્તાવાર રીતે ભારતીય સેનામાં સામેલ કરી
- K– ૯ વજ તોપની મહત્તમ રેન્જ ૨૮ થી ૩૮ કિલોમીટરની છે.
- K–૯ વજ તોપ ત્રીસ સેકન્ડમાં ત્રણ સેલ છોડવાની ક્ષમતા ધરાવે છે.
- M – ૭૭૭ હોવીત્ઝર તોપની રેન્જ ત્રીસ કિલોમીટર સુધીની છે.

**(૨) અમદાવાદ હવે કર્ણાવતી :**

- અમદાવાદનું નામ બદલીનું કર્ણાવતી રાખવામાં આવશે.
- ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી રાખવાની યોજના બનાવવામાં આવી છે.
- આ પ્રક્રિયા ૨૦૧૯ સુધીમાં પૂરી કરવામાં આવશે.
- વર્તમાન અમદાવાદની જગ્યાએ અગાઉ સાબરમતી નદીના કિનારે આશાવલ નામનું નગર આવેલું હતું.
- ઇ.સ. ૧૪૧૧ માં સુલતાન અહમદ શાહે સાબરમતી નદીના કિનારે કર્ણાવતીની બાજુમાં એક નગરની સ્થાપના કરી.
- એ સમયે પ્રસિદ્ધ અહમદ નામના ૪ સંતોના નામ પરથી આ નગરનું નામ 'અહમદાબાદ' રાખ્યું છે. હાલ ગુજરાતીમાં અમદાવાદ તરીકે ઓળખાય છે.

**(૩) ઓપરેશન ગ્રીન્સ :**

- ભારત સરકાર દ્વારા ઓપરેશન ગ્રીન્સને મંજૂરી આપવામાં આવી.
- નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ના બજેટમાં 'ઓપરેશન ગ્રીન્સ' ની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટે બજેટમાં રૂા. ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ટીઓપી TOP Crops ઓનિયન અને પોટેટો (ટમેટા, ડુંગળી અને બટેકા) નું ઉત્પાદન કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે અને ગ્રાહકોને તેની ખૂબ જ ઉંચી કિંમત ચૂકવવી ન પડે તે નિશ્ચિત કરવાનો હતો.
- આ અંતર્ગત તાજેતરમાં આ પાકોના ભાગ સ્થિર કરવા માટે વિવિધ ઉપાયોને લાગુ કરવા માટે નોડલ એજન્સી તરીકે NAKED ને જવાબદારી સોંપવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા આ પાકોના ઉત્પાદન સ્થળથી સ્ટોરેજ સુધીના પરિવહન તથા સ્ટોરેજના ભાડા માટે ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે.
- NAFED નું પુરૂ નામ – National Agricultural Cooperative marketing Federation of India છે.

**(૪) સનસ્ક્રીન પર પ્રતીબંધ મૂકનાર પ્રથમ દેશ :**

- પલાઉ નામના દેશમાં સનસ્ક્રીન પર પ્રતીબંધ મૂકવામાં આવ્યો છે.
- આ પ્રતિબંધ ૨૦૨૦ થી લાગુ પડશે.
- સનસ્ક્રીનમાં એવા અનેક રસાયણો હોય છે કે જેનાથી Coral Reefs (પ્રવાલ ભિત્તિયો) ને ક્ષતિ પહોંચે છે.
- આથી પલાઉમાં સનસ્ક્રીન અને સ્ક્રીન કેર પ્રોડક્ટના વેચાર અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- આ સાથે જ પલાઉ સનસ્ક્રીન પર પ્રતીબંધ મૂકનાર વિશ્વનો પ્રથશ દેશ બની ગયો

**(૫) દિલ્હીના સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ :**

- ૪ નવેમ્બર–૨૦૧૮ના રોજ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીના વજીરાબાદમાં યમુના નદી પર સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કર્યું.
- આ બ્રિજના ઉપયોગથી ઉત્તર અને ઉત્તર પૂર્વ દિલ્હી વચ્ચેની મુસાફરીના સમયમાં બચાવ થશે.
- આ બ્રિજનું મુખ્ય આકર્ષણ મેઇન પિલર છે, જેના પર ૧૫૪ મીટરની ઊંચાઇએ કાચનો વ્યુ પોઇન્ટ બનાવવામાં આવ્યો છે.

– તે ઊંચાઇમાં કુતુબમિનાર (૭૩ મીટર) થી બમણાથી પણ વધુ ઊંચો છે.

પ્રશ્નો :

૧ ભારત K-9 વજ તોપ કયાં દેશ પાસેથી ખરીદી છે ?
– કોરિયા
૨ અમદાવાદનું નામ બદલી કયું રાખવામાં આવશે ?
– કર્ણાવતી
૩ ઓપરેશન ગ્રીન્સ માટે બજેટમાં કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે ?
– ૫૦૦ કરોડ
૪ NAFDA નું પુરૂનામ જણાવો ?
– National Agricutural Cooperative Marketing Federation of India
૫ સનસ્ક્રીન પર પ્રતિબંધ મુકનાર પ્રથમ દેશ જણાવો ? :
– પલાઉ
૬ દિલ્હીના સિગ્નેચર બ્રિજનું ઉદ્‌ઘાટન કોણે કર્યું ?
– અરવિંદ કેજરીવાલ

## 13.November 2018

**(૧) કેન્દ્રિય મંત્રી અનંતકુમારનું નિધન :**

– કેન્દ્રિય મંત્રી અનંતકુમારનું ૧૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ નિધન થયું.
– તેઓ મોદી સરકારમાં સાંસદીય બાબતોના પ્રધાન હતા.
– તેઓ એ રસાયણ અને ખાતર મંત્રી તરીકે લીમડાયુક્ત રસાયણીક ખાતરની શરૂઆત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
– તેઓ કર્ણાટક યુનિવર્સિટીમાંથી બીએ, એલએલબી થયા હતા.
– તેઓ બેંગલુર દક્ષિણ લોકસભા બેઠકમાંથી સતત છ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા.
– યુએનમાં તેઓએ પ્રથમ વખતે કન્નડ ભાષામાં ભાષણ કર્યું હતું.
– તેઓ વજપાઇ સરકારમાં સૌથી યુવા મંત્રી બનવાનો વિક્રમ ધરાવે છે.

**(૨) દેશના પ્રથમ ઇનલેન્ડ મલ્ટિ મોડેલ ટર્મિનલ**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ મી વખત તેમના સંસદીય ક્ષેત્ર બનારસ પહોંચ્યા હતા.
– વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનારસ હલ્દિયા નેશનલ વોટર –વે એક પર બનેલા દેશના પહેલા ઇનલેન્ડ મલ્ટિ મોડેલ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કર્યું.
– વડાપ્રધાને હલ્દિયા થી બનારસ પહોંચેલા માલવાહક જહાજ ‘રવીન્દ્રનાથ ટાગોર’ થી કન્ટેનર અનલોર્ડિંગની શરૂઆત પણ કરી.
– હવે ૧૬૨૦ કિ.મી. લાંબા આ જળમાર્ગ પર માલવાહક જહાજ ચાલશે.
– બનારસ – હલ્દિયા વોટર વે પર કુલ ૨૦ નાના–મોટા ટર્મિનલ બનશે, તેમાંથી ૪ ટર્મિનલ સાહિબગંજ, ગાઝીપુર, અને હલ્દિયામાં બનીને લગભગ તૈયાર છે.
– આ જળમાર્ગ પર ૧૫૦૦ થી ૨૦૦૦ મેટ્રિક ટન ક્ષમતાવાળાં જહાજો ચલાવવા માટે કેપિટલ ડ્રેજિંગ મારફત ૪૫ મીટર પહોળી ગંગા ચેનલ તૈયાર કરાઇ છે.
– આ મલ્ટિ મોડેલ ટર્મિનલ ૨૦૬ કરોડના ખર્ચે તૈયાર થયું છે.
– તે ૨૦૦ મીટર લાંબુ અને ૪૫ મીટર પહોળું છે. તેના પર માલના લોર્ડિંગ તથા અનલોર્ડિંગ માટે દુનિયા અત્યાધુનીક હેવી ક્રેન લગાવાઇ ગઇ છે.
– જર્મનીમાં બનેલી મોબાઇલ હાર્બર ક્રેનની કિંમત ૨૮ કરોડ રૂપિયા છે.
– મોદીએ ટર્મિનલની સાથે બનારસમાં ૨૪૧૩ કરોડ રૂપણિયાની ૧૭ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કર્યું.
– તેમાં બાબતપુર –બનારસ ફોરલેન્ડ, રિંગરોડ, ક્લીન ગંગા પ્રોજેક્ટ, સીવરેજ મેનેજમેન્ટ પ્રોજેક્ટ, ડ્રાઇવિંગ ટ્રેનિંગ સ્કૂલ, કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય વગેરે સામેલ છે.

**(૩) આંતરાષ્ટ્રીય યોગ સ્પર્ધા :**

– હરિયાણામાં ૨ થી ૪ નવેમ્બર દરમ્યાન યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધાનું આયોજન થયું હતું.
– આ સ્પર્ધામાં ગુજરાતના ભાવનગરની જહાનવી મહેતાએ ગોલ્ડ જીત્યો.
– આ સ્પર્ધામાં ૧૨ દેશોના ૩૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
– આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભારત બીજા ક્રમે ઇરાન અને ત્રીજા ક્રમે વિયેતનામ રહ્યું હતું.
– આ સ્પર્ધાનું આયોજન યોગ સ્પોર્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.
– વિશ્વ યોગ દિવસ ૨૧ જૂનના રોજ મનાવવામાં આવે છે.

**(૪) રૂ ની આસુલિવાન ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સ – સ્નૂકર :**

– ઇંગ્લેન્ડના સ્નૂકર ખેલાડી રૂની ઓસુલિવાને ત્રીજીવાર ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સનો ખિતાબ જીત્યો છે.
– ફાઇનલમાં તેણે કાઇરેન વિલ્સને એક રોમાંચક મેચમાં ૧૦–૯ થી હરાવ્યો.

- એક સમયે રૂ ની ૬–૩ થી આગળ રહ્યા બાદ ૫–૮ થી પાછળ થઇ ગયો હતો.
- ત્યારબાદ સતત ચાર ગેમ જીતીને ૯–૮ થી આગળ નીકળી ગયો.
- છેલ્લી ગેમનો સ્કોર બરોબરી પર રહ્યો હતો. છેલ્લા ૨ વર્ષથી તે ફાઇનલમાં હારી રહ્યો હતો.
- રૂનીએ ૨૦૧૩ અને ૨૦૧૪ માં પણ ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સનો ખિતાબ જીત્યો હતો.

**(૫) ક્રિકેટરે મુશફિકુર રહીમનો અનોખો રેકોર્ડ :**

- બાંગ્લાદેશના વિકેટકીપર બેટ્સમેન મુશફિકુર રહીમે ઝીમ્બાબ્વે સામેની ટેસ્ટ મેચમાં બેવડી સદી ફટકારી.
- રહીમે બેવડી સદી કરતા જ એક અનોખો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.
- વિકેટ કીપર તરીકે ટેસ્ટમાં બે બેવડી સદી કરનાર વિશ્વનો પહેલો ક્રિકેટર બની ગયો છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયાં કેન્દ્રિય મંત્રીનું અવસાન થયું જેઓ મોદી સરકારમાં સાંસદીય બાબતોના પ્રધાન હતા ?
- અનંતકુમાર

૨ દેશના પ્રથમ ઇનલેન્ડ મલ્ટિ મોડલ ટર્મિનલનું ઉદ્ઘાટણ કોણે કર્યું ?
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

૩ આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધાનું આયોજન કયાં થયું હતું ?
- હરિયાણા

૪ વિશ્વ યોગ દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૧ જુન

૫ વિકેટકીપર તરીકે ટેસ્ટ ક્રિકેટમાં બે બેવડી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી જણાવો ?
- મુશફિકર રહીમ

## 14.November 2018

**(૧) વર્લ્ડ ડાયાબીટીસ ડે :**

- દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડે મનાવવામાં આવે છે.
- ડાયાબિટીસના કારણો, લક્ષણો નિવારણ, ઉપચાર અને તેની માવ જીવન પરના વિનાશક અસરો વિશે જાગરૂકતા ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સૌપ્રથમ ૧૯૯૧ માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્લ્ડ ડાયાબિટીસ ડે ૨૦૧૮ માટેની થીમ ફેમિલી એન્ડ ડાયાબિટીસ છે.

**(૨) ૧૪ નવેમ્બર – બાળદિન :**

- ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની યાદમાં દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિન મનાવવામાં આવે છે.
- તેમનો જન્મ ૧૪ નવેમ્બરશ ૧૮૮૯ના રોજ અલ્હાબાદમાં થયો હતો.
- તેમના પિતા મોતીલાલ નહેરૂ અને માતા સ્વરૂપરાની હતા.
- તેઓએ બ્રિટનમાં હેરો કોલેજ અને કેમ્બ્રિજ યુનિ. થી ઉચ્ચ શિક્ષણ લીધું.
- બેરિસ્ટર થઇ ભારતમાં વકીલાત શરૂ કરી હતી.
- પંડિત નહેરૂએ ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી દેશની આઝાદી માટે થયેલા આંદોલનોમાં ભાગ લીધો હતો.
- નેતૃત્વના ચડતા ક્રમમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બન્યા તેમના પ્રમુખપણા હેઠળ જ ૧૯૨૯–૩૦માં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ થયો હતો.
- હિન્દુસ્તાનની આઝાદી પછી ૧૭ વર્ષ સુધી દેશના પ્રધાનમંત્રી રહ્યા હતા.
- નહેરૂએ ૧૯૩૦માં પોતાનું વિશાળ આનંદ ભવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું જે પછીથી સ્વરાજ્ય ભવન બન્યું હતું.
- પંડિત નહેરૂનું ૨૭ મે ૧૯૬૪ના રોજ હ્રદયરોગના હુમલાથી અવસાન થયું હતું.
- તેમની સમાધિનું નામ શાંતિવન છે.

**(૩) તોમર સંસદીય પ્રધાન, ગૌડા રસાયણ પ્રધાન બન્યા**

- કેન્દ્રિય મંત્રી અનંતકુમારના નિધન બાદ પંચાયત રાજયમંત્રી નરેન્દ્રસિંહ તોમરને સંસદીય બાબતોનો હવાલો અપાયો છે.
- કાર્યક્રમ અમલીકરણ મંત્રી સદાનંદ ગૌડાને રસાયણ અ ખાતર મંત્રાલયનો વધારાનો હવાલો અપાયો છે.

**(૪) અશોક કુમાર ગુપ્તા સીસીઆઇ અધ્યક્ષ :**

- ભૂતપૂર્વ આઇએએસ અધિકારી અશોક કુમાર ગુપ્તાને કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- CCI સમગ્ર ગેરવાજબી વેપારી વ્યવહાર પર દેખરેખ રાખે છે.
- તેઓ ૨૫ મી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં આ પદ રહેશે.
- અશોક ગુપ્તા સુધિર મિત્તલનું સ્થાન લેશે જેની ૨૦૧૪માં નિમણૂંક કરવામાં આવી હતી.

**(૫) સંસ્કૃતિ વારસા માટે યુનેસ્કો એશિયા પેસિફીક એવોર્ડ – ૨૦૧૮**

- જમ્મુ કશ્મીરના લદ્દાખને આંશિક વિનાશની સ્થિતિ માં કુશળ ઘરની પુન:સ્થાપનાને સંરક્ષણ કરવા માટે યુનેસ્કો એશિયા – પેસિફીક પુરસ્કાર મળ્યો છે.

– યુનેસ્કો એશિયા – પેસિફિક એવોર્ડ ૨૦૧૮માં જુદાં જુદાં પુરસ્કારની શ્રેણીમાં મુંબઇ યુનિવર્સિટીના આઇકોનિક રાજબાઇ ક્લોક ટાવર અને રૂટટનસી મલ્જી જેથા ફાઉન્ટેનને પણ પુરસ્કાર પ્રાપ્ત થયો.

**(૬) વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ – મહિલા :**

– દિલ્હી ખાતે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપની શરૂઆત થઇ.
– ટુર્નામેન્ટની મેચો ૧૫ થી ૨૪ નવેમ્બર સુધી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇનડોર સ્ટેડિયમ ખાતે રમાશે.
– દર બે વર્ષે થનારી આ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેરિકોમે પાંચ ગોલ્ડ મેડલ જીત્યા છે.
– ટુર્નામેન્ટમાં ૭૩ દેશોની ૩૦૦ થી વધુ મહિલા બોક્સરો રમશે.
– ભારતની ૧૦ મહિલા બોક્સરો ટુર્નામેન્ટમાં રમશે.

**(૭) સીબીડીટીમાં ત્રણ નવા સભ્યોની નિયુક્તિ :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળની કેબિનેટ સમિતનિએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) માં ત્રણ નવા સભ્યોની નિમણૂંક કરી છે.
– કેબિનેટની નિમણૂંક સમિતિએ ૧૯૮૨ ની બેચ આવક સેવા અધિકારીઓને સર્વોચ્ચ કરવેરા નીતિ બનાવવાની સંસ્થાના સભયો તરીકે નિમણૂંક આપી.
– જેમાં નીનાકુમાર, અખિલેશ રંજન અને પ્રસના કુમાર દશા નવા નિયુક્ત સભ્યો છે.
– સીબીડીટી આવકવેરા વિભાગ માટે નીતિ બનાવતી સંસ્થા છે.
– આ સંસ્થા નાણાં મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. જેના અધ્યક્ષ સુશીલ ચંદ્ર છે.

**(૮) લિયોનેલ મેસ્સીને છઠ્ઠીવાર લા લીગાનો બેસ્ટ પ્લેયરનો એવોર્ડ**

– સ્પેનિશ ક્લબ બાર્સેલોના ટીમના સુકાની લિયોનેલ મેસ્સીને છઠ્ઠીવાર લા લીગાનો બેસ્ટ પ્લેયરનો એવોર્ડ મળ્યો છે.
– મેસ્સીએ પાંચમીવાર સૌથી વધુ ગોલ કરવાનો એવોર્ડ મેળવ્યો છે. ગત સીઝનમાં સૌથી વધુ ૩૪ ગોલ કરવા બદલ મેસ્સીને વધુ એક વોર્ડ એવોર્ડ પણ મળ્યો હતો.
– બાર્સેલોના ટીમ ૨૦૧૭–૧૮ ની સીઝનમાં લા લીગાનો ખિતાબ પણ જીત્યો હતો.
– ૨૦૧૮ –૧૯ ની સીઝન્માં ટીમ ૧૨ મેચ બાદ ૨૪ પોઇન્ટ છે અને નંબર – ૧ પર છે.

પ્રશ્નો :

૧ વર્લ્ડ ડાયાબીટીસ ડે ક્યારે ઉજવાય છે ?
– ૧૪ નવેમ્બર
૨ વર્લ્ડ ડાયાબીટીસ ડે – ૨૦૧૮ની થીમ જણાવો ?
– ફેમિલી એન્ડ ડાયાબિટીસ
૩ ૧૪ નવેમ્બરના રોજ કયાં દિવસ ઉજવાય છે ?
– બાળદિન
૪ જવાહરલાલ નહેરૂ નો જન્મ કયાં થયો હતો ?
– અલ્હાબાદ
૫ જવાહરલાલ નહેરૂનું સમાધિનું નામ જણાવો ?
– શાંતિવન
૬ નવા કેન્દ્રિય રસાયણ – ખાતર – મંત્રીનું નામ જણાવો ?
– સદાનંદ ગૌડા
૭ CCI ના અધ્યક્ષ જણાવો ?
– અશોકકુમાર ગુપ્તા
૮ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ – ૨૦૧૮નું આયોજન કયાં થયું ?
– દિલ્હી
૯ ૨૦૧૭–૧૮ નો લા લીગાનો બેસ્ટ પ્લેયરનો એવોર્ડ કોને એનાયત થયો ?
– લિયોનેલ મેસ્સી

## 15.November 2018

**(૧) વડાપ્રધાન મોદી સિંગાપોર પ્રવાસે :**

– વડાપ્રધાન મોદી બે દિવસના પ્રવાસે સિંગાપોર ગયા.
– તેઓ ૩૬ કલાકમાં ૬ શિખર સંમેલનો અને કાર્યક્રમોમાં ભાગ લીધો.
– ૧૮ દેશોના નેતાઓ સાથે મુલાકાત સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરી.
– મોદી સૌથી પહેલા સિંગાપોર ફિનટેક ફેસ્ટિવલમાં મુખ્ય અતિથિ તરીકે જોડાયા હતા.
– ત્યાં તેઓ આસિયાન દેશોની બેન્કિંગ સિસ્ટમનું એક પ્લેટફોર્મ લાવવા માટે એપીઆઇએક્સ સોફ્ટવેર લોન્ચ કર્યું.
– ત્યારબાદ તેઓ રિજનલ કોમ્પ્રહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ (આરસીઇપી) સમિટમાં ભાગ લીધો હતો. તેમાં ૧૬ દેશના નેતા હાજર રહ્યા હતા.
– વડાપ્રધાન મોદી ૧૩ માં પૂર્વી એશિયા સંમેલન (ઇએએસ) આસિયાન ઇન્ડિયા બ્રેકફાસ્ટ સમિટમાં પણ ભાગ લીધો હતો.
– પૂર્વી એશિયા સંમેલન હિન્દ – પ્રશાંત દેશોનું મંચ છે.
– તેમાં ૧૦ આસિયાન દેશ અને ૮ ડાયલોગ પાર્ટનર દેશ ભારત, ચીન જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, અમેરીકા, રશિયા સભ્ય છે.
– તેની રચના ૨૦૦૫ માં થઇ હતી.
– સંગઠન હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં રાજકીય, સલામતી, ટ્રેડ વગેરે ક્ષેત્રોમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

- સિંગાપોર – રાજધાની – સિંગાપોર સિટી, પ્રધાનમંત્રી – લી સીન લૂંગ

**(૨) વિષ્ણુ પંડ્યાને એન. ટી.આર. એવોર્ડ એનાયત :**

- ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી વિષ્ણુ પંડ્યાને એન.ટી.આર. એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
- આ એવોર્ડ આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. એન.ટી રામારાવની યાદમાં બનેલ સંસ્થા એન.ટી.આર. મેમોરિયલ એચિવર દ્વારા આપવામાં આવે છે.
- વિષ્ણુ પંડ્યા વર્ષ ૨૦૧૭ થી ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે.
- ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૮૧ માં કરવામાં આવી હતી.

**(૩) સંચાર ઉપગ્રહ જીએસ ૨૯ લોન્ચ**

- ઇસરોએ સંચાર ઉપગ્રહ જીસેટ ૨૯ ને લોન્ચ કર્યો.
- ૩૪૨૩ કિલો વજનનો આ ઉપગવ્રહ કેએ અને કેયુ બેન્ડ ટ્રાન્સપોન્ડ ધરાવે છે.
- જીએસ ૨૯ આશરે ૪ ટન જેટલો વજન લઇ જવાની ક્ષમતા ધરાવે છે.
- આ .પગ્રહને શ્રી હરિકોટા ખાતેના સતિશ ધવન અંતરિક્ષ મથક પરથી લોન્ચ કરવામાં આવ્યો.
- ઇસરોએ ચાલુ વર્ષે પાંચમો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો.
- ઇસરોએ ચાલુ વર્ષે પાંચમો પાંચમો ઉપગ્રહ લોન્ચ કર્યો છે.
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
- ઇસરો મુખ્ય મથક – બેંગ્લોર
- અધ્યક્ષ : ડૉ.કે. સિવાન

**(૪) ટોલ શિપ સેલ ટૂગેધર ઇવેન્ટ :**

- ભારત અને ઓમાનના નૌકાદળના સૌથી લાંબા જહાજનો રેસ કોચ્ચિના કિનારેથી શરૂ થઇ.
- આ રેસ હિન્દ મહાસાગરમાં ઈન્ડિયન (આઇઓએનએસ) ની ૧૦ મી વર્ષગાંઠના અવસરે આયોજિત કરાઈ છે.
- રેસમાં ભારતના બે જહાજ આઇએનએસ તરંગિણી અને આઇએનએસ સુદર્શિની ભાગ લઇ રહ્યાં છે.
- ઓમાન તરફથી રોયલ ઓમાન નેવીનું જીનત – અલ – બિહાર તેમા સામેલ છે.
- ૨૦ વર્ષ પૂરાં કરી ચૂકેલ ૬૧ મીટર લાંબુ જીનત– અલ– બિહારની કમાન લેફ. સુલીમ બિન મોહમ્મદ બિન અલી મુઆની સંભાળી રહ્યાં છે.
- આઇએનએસ તંરગિણીની કમાન શિપ કમાન્ડર રાહુલ મહેતા પાસે છે. આઇએનએસ સુદર્શહિનીનું નેતૃત્વ શિપ કમાન્ડર મોહન પાર્થસારથી કરી રહ્યાં છે.
- આ જહાજ કેરળથી ઓમાનની રાજધાની મસ્કત પહોંચશે.
- તરંગિણી દેશનું પ્રથમ જહાજ છે જેણે દુનિયાની પરિક્રમા કરી ૫૪ મીટર લાંબુ તરંગિણી ભારતીય નેવીનું ટ્રેનિંગ જહાજ છે.
- ૩૦ ઓક્ટોબર લોકયાન – ૧૮ માં ૧૩ દેશોના ૧૫ બંદરે થઇ ને સાત મહિના બાદ પાંછુ આવ્યું છે.
- ૧૧ નવેમ્બર ૧૯૯૭ માં નેવીમાં સામેલ થયા બાદ તરંગિણી અત્યાર સુધી ૨.૨૦ લાખ નોટિકલ માઇલની યાત્રા કરી ચૂક્યું છે.
- ૨૦03માં તે દેશનું પ્રથમ જહાજ બન્યું જેણે દુનિયાની પરિક્રમા પૂરી કરી. તે ગોવામાં બન્યું હતું.
- સુદર્શિની જાન્યુઆરી ૨૦૧૧ માં ગોવામાં લોન્ચ કરાયું હતું.

**(૫) દેશનું બીજું સૌથી મોટુ રામકૃષ્ણ ધ્યાન મંદિર – ઔરંગાબાદ**

- અજંતા –ઇલોરા જેવી વૈશવિક ધરોહરવાળા મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં દેશનું બીજું સૌથી મોટું રામકૃષ્ણ ધ્યાન મંદિર બન્યું.
- ૧૮ હજાર સ્કવેર ફૂટમાં ફેલાયેલું આ મંદિર અંદાજે ૨૮ કરોડ રૂપિયાના ખર્ચે ૯ વર્ષમાં તૈયાર થયું છે.
- આ મંદિરમાં રોમન, ગોથિક, રાજપૂત અને ઇસ્લામિક વાસ્તુકળાની વિશેષતાઓ જોઇ શકાય છે.
- મંદિર સંપૂર્ણપણ અર્થકવેક– પ્રફૂ (ભૂકંપ ઝીલી શકે તેવું છે.
- તેની ઊંચાઇ ૧૦૦ ફૂટ છે જ્યારે ગર્ભગૃહ ૪૦ ફૂટ ખોદકામ કરીને બનાવાયું છે.
- દેશનું સૌથી મોટું ધ્યાન મંદરિ (રામકૃષ્ણ મઠ) પશ્ચિમ બંગાળ બેલૂરમાં સ્થિત છે.

**(૬) નેતાજીએ તિરંગો ફરકાવ્યાની ૭૫ મી વર્ષગાંઠે ૭૫નો સિક્કો :**

- નેતાજીએ ૧૯૪૩ની ૩૦ ડિસેમ્બર પોર્ટ બ્લેયરની સેલ્યુલર જેલમાં પહેલી વાર તિરંગો ફરકાવ્યો હતો.
- તેની ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્ર સરકાર યાદગીરીરૂપે ૭૫ રૂપિયાનો સિક્કો બહાર પાડશે.
- સિક્કાનું વજન ૩૫ ગ્રામ હશે. તેમાં ૫૦ ટકા ચાંદી, ૪૦ ટકા તાંબુ અને પાંચ – પાંચ ટકા નિકલ અને ઝિંક વપરાશે.
- સિક્કા પર તિરંગાને સલામતી આપતા નેતાજી સુભાષચંદ્ર બોઝની તસવીર હશે. તેની પૃષ્ઠભૂમિમાં સેલ્યુલર જેલ હશે.
- સિક્કા પર હિન્દી અને અંગ્રેજીમાં 'પ્રથમ ધ્વજારોહણ દિવસ' લખેલું હશે.

પ્રશ્નો :

૧ સિંગાપુરના પ્રધાનમંત્રીનું નામ જણાવો ?

– લી સીન લુંગ
૨ વિષ્ણુ પંડ્યાને તાજેતરમાં ક્યો એવોર્ડ એનાયત થયો ?
– એન.ટી.આર
૩ ઇસરોએ તાજેતરમાં કયા સંચાર ઉપગ્રહ તે લોન્ચ કર્યો ?
– જી– સેટ–૨૯
૪ ઇસરોના અધ્યક્ષ જણાવો ? :
– ડૉ.કે. સિવાન
૫ દેશનું સૌથી મોટું ધ્યાનમંદિર ક્યાં આવેલું છે ?
– બેલુર, પશ્ચિમ બંગાળ
૬ રૂા. ૭૫ના સિક્કામાં શું લખેલ છે ?
– પ્રથમ ધ્વજારોહણ દિવસ

## 16.November 2018

**(૧) નેશનલ પ્રેસ ડે :**

– દર વર્ષે ૧૬ નવેમ્બરના રોજ નેશનલ પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવે છે.
– વર્ષ ૧૬ નવેમ્બર ૧૯૬૬ના રોજ પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી.
– તેની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(૨) હિમા દાસ – યુનિસેફ ઇન્ડિયાના યુના એમ્બેસેડર :**

– એશિયન ગેમ્સ ગોલ્ડ મેડાલિસ્ટ સ્પિનિટર હિમા દાસને યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) ઇન્ડિયાના યુવા એમ્બેસેડર તરીકે નિમવામાં આવ્યા છે
– હિમા દાસ આઇએએએફ વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા.
– તેણેએ ૨૦૧૮ એશિયન ગેમ્સમાં વિમેન્સ ૪ X ૪૦૦ મી રિલે ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક પણ મેળવ્યો.
– તેણેઅી વિમેન્સ ૪૦૦ મી રેસ સ્પર્ધામાં રજત ચંદ્રક પણ જીત્યો હતો.
– હીમા દાસનો જન્મ આસામ રાજ્યમાં થયો છે.
– યુનિસેફ મુખ્ય મથક – ન્યુયોર્ક

**(૩) જયપુરમાં WCO બેઠકની શરૂઆત**

– WCO ના ડેપ્યુટી સેક્ટરી જનરલ રિકાર્ડો ત્રાવી અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટર ટેક્સ અને કસ્ટમના ચેરમેન એસ. રમેશની અધ્યક્ષતામાં WCO ની બેઠકની શરૂઆત થઇ .
– આ બેઠક ૪ દિવસ સુધી ચાલશે.
– જેમાં એશિયાના ૩૩ સભ્ય દેશો પ્રતિનિધિઓએ ભાગ લીધો.
– World Customs Organization
– મુખ્યાલય બ્રસેલ્સ, બેલ્જિયમ
– સ્થાપના : ૨૬ જાન્યુઆરી ૧૯૫૨

**(૪) પંકજ અડવાણીએ બિલિયડ્સ ટાઇટલ જીત્યું :**

– ભારતના દિગ્ગજ ક્યૂ ખેલાડી પંકજ અડવાણીએ બિલિયડ્સ નું ૧૫૦ અપ ફોર્મેટમાં પોતાનું ત્રીજું ટાઇટલ જીત્યું.
– તેણે આ વિસમું વૈશ્વિક ટાઇટલ જીત્યું.
– બેંગલુરૂના ૩૩ વર્ષીય પંકજ અડવાણીએ ફાઇનલ મેચમાં મ્યાનમારના નાથ થ્વાયઓને પરાજય કર્યો હતો.
– પંકજે ૨૦૧૬માં હોમ ટાઉન બેંલુરૂમાં અને ગત વર્ષે દોહામાં પણ આ ટાઇટલ જીત્યું હતું.

**(૫) એક્તા યાત્રાના બીજા તબક્કાની શરૂઆત**

– ગાંધીનગર સ્ટેચ્યૂ ઓફ યુનિટીના અનાવરણ પહેલાં બે તબક્કામાં રાજ્યવ્યાપી એક્તા યાત્રા કાઢવાનું આયોજન કરવામાં આવ્યું હતું.
– જે અંતર્ગત પહેલાં તબક્કાની યાત્રા પૂર્ણ થઇ છે પ્રથમ તબક્કાનું આયોજન ૧૯ ઓક્ટોબરથી ૨૩ ઓક્ટોબર ૨૦૧૮ સુધી થયું હતું.
– તા. ૧૫ થી ૨૦ નવેમ્બર ૨૦૧૮ દરમિયાન બીજા તબક્કાની રાજ્યવ્યાપી એક્તા યાત્રા યોજાશે.
– મુખ્યમંત્રી રૂપાણી અમદાવાદ જિલ્લાના અસલાલીથી ૧૫ મી નવેમ્બરે સવારે સાડા નવ વાગ્યે એક્તા યાત્રાને પ્રસ્થાન કરાવશે.

પ્રશ્નો :

૧ નેશનલ પ્રેસ ડે ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૧૬ નવેમ્બર
૨ યુનિસેફ ઇન્ડિયાના યુવા એમ્બેસેડર જણાવો ?
– હિમા દાસ
૩ હિમા દાસ કયા રાજ્યના વતની છે ?
– આસામ
૪ પંકજ અડવાણીનું વતન જણાવો ?
– બેંગ્લોર, કર્ણાટક
૫ એક્તા યાત્રાની બીજા તબક્કાની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી ?
– વિજયભાઇ રૂપાણી

## 17.November 2018

**(૧) વાઇબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૯**

– આવનારી વાઇબ્રન્ટ સમિટના આયોજન માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ નવી દિલ્લીમાં ઉદ્યોગપતિઓ અને સંચાલકો સાથે બેઠક કરી.
– તેઓએ ત્યાં વાઇબ્રન્ટ સમિટનું પ્રઝન્ટેશન પણ કર્યું હતું.

Vivekanand Academy Gandhinagar

- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન જાન્યુઆરી માસમાં યોજવામાં આવી રહ્યું છે.
- તે માટે વાઇબ્રન્ટમાં રોકાણકારો અને કંપની માલિકો વચ્ચે પ્રથમ વખત ઓનલાઇન મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે.
- વાઇબ્રન્ટ સમિટમાં ભાગ લેવા ઇચ્છુક કંપની દ્વારા આ વર્ષે પ્રથમ વખત ઇન્વેસ્ટરો અને કંપની માલીકો વચ્ચે ઓનલાઇન મિટિંગનું આયોજન કરાયું છે.
- વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯ શેપિંગ એ ન્યુ ઇન્ડિયા થીમ પર યોજાશે.
- આ સમિટનું આયોજન ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન થશે.
- આ સમિટ માટે VGGIS-2019 નામની મોબાઇલ એપ લોન્ચ કરવામાં આવી છે.

**(૨) કૃષ્ણમૂર્તિ ફ્લિપકાર્ટના સીઇઓ બન્યા :**

- ફ્લિપકાર્ટના સહ– સંસ્થાપક અને ગ્રૂપ સીઇઓ બિન્ની બંસલ ના રાજીનામા બાદ કલ્યાણ કૃષ્ણમૂર્તિ કંપનીના સીઇઓ બન્યા.
- ફ્લિપકાર્ટમાં ૭૭ ટકા હિસ્સો ધરાવનાર વોલમાર્ટે તેમને આ પદ સોંપ્યું.

**(૩) આશિષ કુન્દ્રા – મિઝોરમ ચૂંટણી અધિકારી :**

- ચૂંટણી પંચ દ્વારા મિઝોરમના ચૂંટણી અધિકારી તરીકે આશિષ કુન્દ્રાની નિમણૂક કરી.
- તેઓ એસ.બી. શશાંકનું સ્થાન લેશે.
- ચૂંટણી પંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ કરવામાં આવી હતી.
- હાલના ચૂંટણી કમિશનર – ઓ.પી. રાવત

**(૩) અજયદાસ : પ્રિન્સિપાલ ચીફ કમિશનર ગુજરાત :**

- ગુજરાત ઇન્કમટેક્સના નવા પ્રિન્સિપાલ ચીફ કમિશનર તરીકે અજયદાસ મહેરોત્રાની નિમણૂક કરવામાં આવી.
- તેઓ એ.કે. જયસ્લાવનું સ્થાન લેશે.
- અજયદાસ ૧૯૮૪ની બેચના આઇઆરએસ ઓફિસર છે.
- તેઓ અગાઉ પ્રિન્સિપાલ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ અમદાવાદ અને ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ બરોડા અને સુરતમાં ફરજ બજાવી ચૂક્યા છે.
- ૨૦૧૮ના ઇન્કમટેક્ષ ડે ૧૫ એપ્રિલ નિમિત્તે તેમને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**(૪) તાનારીરી મહોત્સવ પ્રારંભ :**

- મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તાનારીરી મહોત્સવનો પ્રારંભ થયો.
- તાનારીરી મહોત્સવનું આયોજન દર વર્ષે કારતક સુદ નોમના દિવસે કરવામાં આવે છે.
- આ વર્ષે આ મહોત્સવજનું આયોજન ૧૭ અને ૧૮ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.
- રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતીક વારસાની જાળવણી કરવાના હેતુથી આ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- મહોત્સવમાં પદ્મશ્રી આશા ભોસલે, પદ્મભૂષણ ડૉ. શ્રીમતી એન. રાજમને એવોર્ડની સન્માનીત કરાવમાં આવ્યા હતા.
- આ મહોત્સવની ઉજવણી નાના અને રીરી નામની બે બહેનોની યાદમાં કરવામાં આવે છે.

પ્રશ્નો

૧ વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯ની થીમ જણાવો ?
- શેપિંગ એ ન્યુ ઈન્ડિયા

૨ વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯ માટે કઇ મોબાઇલ એપ પણ લોન્ચ કરવામાં આવી છે ?
- VGGIS

૩ ફ્લિપકાર્ટ સહ – સંસ્થાપક અને ગ્રૂપ સીઇઓનું નામ જણાવો ?
- કલ્યાણ કૃષ્ણમૂર્તિ

૪ તાજેતરમાં મિઝોરમના ચૂંટણી અધિકારી તરીકે કોની નિમણૂંક થઇ ?
- આશિષ કુન્દ્રાની

૫ ચુંટણી પંચની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- ૨૫ જાન્યુઆરી ૧૯૦૫ ના રોજ

૬ ગુજરાત ઇન્કમટેક્સના નવા પ્રિન્સિપાલ ચીફ કમિશનરનું નામ જણાવો ?
- અજયદાસ મેહરોત્રા

૭ દર વર્ષે તાનારીરી મહોત્સવનું આયોજન કયાં દિવસે કરવામાં આવે છે ?
- કારતક સુદ નોમના

૮ તાનારીરી મહોત્સવનું આયોજન કયાં કરવામાં આવે છે ?
- મહેસાણા જિલ્લાના વડનગર ખાતે

## 18.November 2018

**(૧) ગુજરાતનો સૌપ્રથમ ડિ–સેલીનેશન પ્લાન માટે કરાર :**

- રાજયના પ્રથમ ડિ– સેલિનેશનલ પ્લાન્ટની સ્થાપના માટે ગાંધીનગર માં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કરાર પર હસ્તાક્ષર કર્યા.
- આ ખારા – મીઠા પાણીના પ્લાન્ટનું જામનગર જિલ્લાના જોડિયામાં બનશે.

Vivekanand Academy Gandhinagar

- જેમાં દરરોજ ૧૦ કરોડ લીટર મીઠું પીવાનું પાણી બનાવવાનો પ્રોજેક્ટ શરૂ થશે.
- આ શુદ્ધ પાણી પાઇપલાઇન દ્વારા રાપર ખાતે લાવવામાં આવશે.
- આ કરાર ગાંધીનગર વોટર ઇન્ફ્રાસ્ટક્ચર લિમિટેડ અને એસ્સેલ ઇનફ્રા પ્રોજેક્ટસ લિમિટેડ વચ્ચે સમજૂતી કરવામાં આવી હતી.
- તામિલનાડુ પછી ગુજરાત એકમાત્ર રાજ્ય છે કે જ્યા ખારા પાણી માંથી મીઠું પાણી બનાવવામાં આવે છે.
- આગામી સમયમાં પોરબંદર, દ્વારકા, વેરાવળ ખાતે આ પ્લાન્ટ નખાશે

**(૨) ભારતીય મૂળના ટી કુરિયન ગૂગલ ક્લાઉડના હેડ**

- ભારતીય મૂળના અમેરિકન થોમસ કુરિયન ગૂગલ ક્લાઉડ ડિવાઇઝના પ્રમુખ બનશે.
- તેઓ કમ્પ્યુટર સૉફ્ટવે કંપની ઓરેકલના પ્રોડક્ટ ચીફ તરીકે ફરજ બજાવતા રહ્યા.
- થોમસ કુરિયન ડાઇએન ગ્રીનનું સ્થાન લેશે.
- થોમસ કુરિયન ૨૬ નવેમ્બરથી પોતાનું પદ સભાંળશે

**(૩) કચ્છમાંથી ૧.૧૦ કરોડ વર્ષ જૂના માનવ પૂર્વજોના અવશેષો મળ્યા :**

- લખનઉ સ્થિત બિરબલ સાહની ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેલીયોસાયન્સના સંશોધકોએ કચ્છમાંથી માનવીના ૧.૧૦ કરોડ રવ્ષ જૂના પૂર્વજોના અવશેષ શોધ્યા.
- સંશોધન્કો મુજબ ૧.૧૦ કરોડ વર્ષ પહેલાના માયોસીન હામોનોઇડ્સ નામે ઓળખાતા વાનરનું જડબું મળી આવ્યું છે.
- ભારતીય ઉપખંડમાં પહેલીવાર આ પ્રકારનો કોઇ અવશેષો મળ્યો છે.
- આ પ્રકારના વાનર પ્રાગૈતિહાસિક કાળ પૂર્વેના માનવ પૂર્વજ માનવામાં આવે છે.
- માનવીના પૂર્વજો અંગેના અભ્યાસની દિશામાં આ એક મહત્વનું સંશોધન માનવામાં આવે છે.
- માનવ ઉત્ક્રાંતિના અભ્યાસમાં ભારત – પાકિસ્તાનની સિવાલીક પર્વતમાળામાં મળી આવેલા વાનરના અવશેષો મહત્વના મનાય છે.
- જે વાનરના જડબાનો ભાગ મળી આવ્યો છે એ પુખ્તવયનો હોવાનું મનાય છે.

**(૪) મહેસૂલ સચિવ હસમુખ અઢીયા નિવૃત્ત થશે.**

- નોટબંધી અને જીએસટીના અમલમાં મહત્વની ભૂમિકા ભજવનારા કેન્દ્રિય મહેસૂલ સચિવ હસમુખ અઢિયા ૩૦ નવેમ્બરે નિવૃત્ત થશે.
- ભારતીય વહીવટી સેવા (આઇએએસ) ના ગુજરાત કેડરના ૧૯૮૧ના બેચના અધિકાર અઢિયા કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા પછી નવેમ્બર ૨૦૧૪માં તેમને નાણાકીય સેવાઓ વિભાગના સચિવ તરીકે નિમવામાં આવ્યા હતા.
- ઓગસ્ટ – ૨૦૧૫ માં તેમને મહેસૂલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને નવેમ્બર ૨૦૧૭માં નાણાં સચિવ બનાવવામાં આવ્યા હતા.
- UIDAI ના સીઇઓ અજય ભૂષણ પાંડેય તેમનું સ્થાન લેશે.

**(૫) બ્રિગેડિયર કુલદીપ સિંહ ચાંદપણુરીનું નિધન :**

- બ્રિગેડિયર કુલદીપ સિંહ ચાંદપુરીનું મોહાલીમાં ૧૭ નવેમ્બર –૨૦૧૮ ના રોજ નિધન થયું.
- ૧૯૭૧ના ભારત – પાક યુદ્ધના નાયક તેમના નેતૃત્વમાં રાજસ્થાનના લોગેવાલામાં ભારતે નિર્ણાયક જંગ લડ્યો હતો.
- જે સમયે લોંગેવાલામાં પાકિસ્તાની ફોજ દ્વારા હુમલો કરવામાં આવ્યો તે સમયે તેઓ મેજરનાં પદ પર હતા અને સેવાનિવૃત્ત બ્રિગેડિયરનાં પદ હતા
- ચાંદપુરીના નેતૃત્વમાં ૧૨૦ ભારતીય જવાનોએ ૨૦૦૦ પાકિસ્તાની સૈનીકોને ધૂળ ચટાડી હતી.
- ભારતની આ કાર્યવાહીથી પાક. આર્મીને મોટુ નુકસાન થયું હતું અને ભારતનો શાનદાર વિજય થયો હતો.
- આ માટે તેમને ભારત સરકાર તફરથી મહાવીર ચક્રથી સન્માનીત કરાવમાં આવ્યા હતા.
- ૧૯૯૭માં બોલિવૂડના ડિરેક્ટર જેપીદત્તાએ ૭૧ ના આ જ યુદ્ધ પર 'બોર્ડર' ફિલ્મ બનાવી હતી જેમાં સની દેઓલે બ્રિગેડીયર કુલદીપસિંહ ચાંદપુરીનું પાત્ર ભજવ્યું હતું.
- બ્રિગેડિયર કુલદીપ સિંહનો જન્મ ૨૨ નવેમ્બર ૧૯૪૦નાં રોજ ગુર્જર શિખ પરિવારમાં થયો હતો.
- તેમનો પરિવાર અવિભાજિત ભારતનાં પંજાબમાં મોંટાગોમરીથી હતો. તેમના જન્મ બાદ તેમનો પરિવ્ર બાલાચૌરનાં ચાંદપુર રૂડકી શિફ્ટ થયો હતો.
- ૧૯૬૨માં તેમણે ગવર્નમેન્ટ કોલેજ, હોશિયારપુરથી ગ્રેજ્યુએશન કર્યું હતું.
- વર્ષ ૧૯૬૨માં ચાંદપુરી ભારતીય થલ સેનામાં તેઓ સામેલ થયા હતા.
- ૧૯૬૩માં તેમને ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીથી પંજાબ રેજિમેંટની ૨૩ મી બટાલિયનમાં કમિશન કરવામાં આવ્યા હતા.
- તેમણે ૧૯૬૫નાં યુદ્ધમાં ભાગ લીધો હતો.
- યુદ્ધ બાદ તેઓ ૧ વર્ષ સુધી ગાઝા (મિસ્ત્ર) માં સંયુક્ત રાષ્ટ્રનાં મિશન પર રહ્યા.

**(૬) એલેક પદમસીનું નિધન :**

- પ્રસિદ્ધ રંગકર્મી અને એડ ગુરૂ એલેક પદમસીનું ૧૭ નવેમ્બર ૨૦૧૮ના રોજ નિધન થયું.

- લલિતાજી ચાર્લી, લિરિલ ગર્લ, હમારા બજાજ જેવી ઘણી એડ અને પાત્ર સર્જ્યાં હતા.
- તેમણે જીસસ ક્રાઇસ્ટ સુપર સ્ટાર, એવિટા અને બ્રોકન ઇમેઝેઝ જેવા અંગ્રેજી ભાષાના નાટકો બનાવ્યા હતા.
- વર્ષ ૧૯૮૨ માં તેમણે ગાંધી ફિલ્મમાં મહમ્મદ અલી ઝીણાનું પાત્ર ભજવ્યું હતું.
- વર્ષ ૨૦૦૦ માં તેમણે પદ્મશ્રી થી સન્માનીત કરાવમાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૧૨માં સંગીત નાટક અકાદમી ટાગોર રત્ન તેમજ એડવર્ટાઇઝિંગ મેન ઓફ ધી કન્ટ્રીના ખિતાબથી તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા.

પ્રશ્નો :

૧ રાજ્યના પ્રથમ ડિ– સેલિનેશનલ પ્લાન્ટ ક્યાં બનશે ?:
- જામનગર જિલ્લાના જોડિયામાં

૨ ભારતનો પ્રથમ ડિ– સેલિનેશનલ પ્લાન્ટ ક્યાં રાજ્યમાં આવેલ છે ?
- તામિલનાડુ

૩ કેન્દ્રિય મહેસૂલ સચિવ હસમુખ અઢિયાનું સ્થાન કોણે લીધું ?
- અજયભૂષણ પાંડેય

૪ નાણાં સચિવ તરીકે હસમુખ અઢિયાની નિમણૂક ક્યા વર્ષમાં કરવામાં આવી હતી ?
- ૨૦૧૭

## 19.November 2018

**(૧) વિશ્વ શૌચાલય દિવસ– ૧૯ નવેમ્બર**

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા દર વર્ષે ૧૯ નવેમ્બરના રોજ વિશ્વ સૌચાલય દિવસ ઉજવવામા આવે છે.
- આજના દિવસે ૧૯ નવેમ્બર ૨૦૦૧ ના જેક્સીને વિશ્વ શૌચાલય સંગઠનની સ્થાપના કરી હતી.
- સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.) દ્વારા ૧૯ નવેમ્બરને વિશ્વ શૌચાલય દિવસ તરીકે જાહેર કર્યા બાદ ભારતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ખુલ્લામાં શૌચમાંથી મુક્તિ માટે અભિયાન હાથ ધર્યું હતું.
- વર્ષ ૨૦૧૮ થીમ – વેન નેચર કોલ્સ, વી નીડ અ ટોઇલેટ

**(૨) દેશની પ્રથમ હાથીઓની સુપર– સ્પેશિયાલિટી હોસ્પિટલ :**

- હાથીઓની સારવાર માટે દેશની પ્રથમ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ શરૂ થઈ.
- ઉત્તરપ્રદેશના મથુરા નજીક ફરાહમાં બિન સરકારી સંસ્થાએ આ હોસ્પિટલનું નિર્માણ હાથીઓની સારવા માટે કર્યું છે.

**(૩) મહાનાયક અમિતાભ બચ્ચને સાયજી રત્ન એવોર્ડ એનાયત :**

- બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને બરોડ મેનેજમેન્ટ એસોસિએશન દ્વાર સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની યાદમાં સયાજી રત્ન એવોર્ડ આપવામાં આવશે.
- આ સયાજી રત્ન એવોર્ડની શરૂઆત ૨૦૧૩માં કરાવમાં આવી હતી.
- ૨૦૧૩માં પ્રથમવાર નારાયણ મૂર્તિને ૨૦૧૫ માં રતન ટાટાને અને હવે ૨૦૧૮માં અમિતાભ બચ્ચનને સયાજી રત્ન એવોર્ડ આપવામાં આવશે.
- સયાજી રત્ન એવોર્ડ માટે લિવિંગ લેજન્ડ ઓફ ઇન્ડિયા અને સમાજમાં આઇકોનિક પ્રતિભા ધરાવતી વ્યક્તિની પસંદદગી કરવામાં આવે છે.
- જેમાં વ્યાપાર, રમત– ગમત, આર્ટ એજ્યુકેશન ગવર્નન્સ અને મેડીકલ ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરનાર વ્યક્તિઓનો સમાવેશ કરાય છે.

**(૪) રાષ્ટ્રપતિશ્રી વિયેતનામ પ્રવાસે :**

- રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ત્રણ દિવસના વિયેતનામ પ્રવાસે ગયા.
- તેમણે તેમની મુલાકાત દરમ્યાન વિયેતનામના સૌથી મોટા શહેર દાનાંગ ખાતે આવેલા ચામ મુર્તિકલા સંગ્રહાલયની મુલાકાત લીધી હતી.
- આ સંગ્રહાલય ખાતે ચોથી થી તેરમી સદી દરમ્યાનની કલાકૃતિઓ મોજૂદ છે.
- જેમાં ભગવાન રામ અને સિતાનાં લગ્નની કલાકૃતિઅને શિવલિંગનો સમાવેશ થાય છે. વિયેતનામ રાજધાની : હનોઇ
- રાષ્ટ્રપતિ : ટ્રાન ડાઇ ક્વાંગ

પ્રશ્નો :

૧ વિશ્વ શૌચાલય ક્યારે ઉજવાય છે ?
- ૧૯ નવેમ્બર

૨ વિશ્વ શૌચાલય દિવસ– ૨૦૧૮ની થીમ જણાવો ?
- વેન નેચર કોલ્સ, વી નીડ અ ટોઇલેટ

૩ દેશની પ્રથમ હાથીઓની સુપર એશિયાઇ હોસ્પિટલ ક્યાં શરૂ થશે ?
- ફરાહ, ઉત્તરપ્રદેશ

૪ સયાજીરાવ રત્ન એવોર્ડ – ૨૦૧૮ વિજેતા જણાવો ?
- અમિતાભ બચ્ચન

૫ વિયેતનામની રાજધાની જણાવો ?
- હનોઇ

## 20.November 2018

**(૧) ઇબ્રાહિમ મોહમંદ સોલીહ – માલદીવના નવા રાષ્ટ્રપતિ :**

- ઈબ્રાહિમ મોહમંદ સોલીહ માલદીવના નવા રાષ્ટ્રપતિ બન્યા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાથ રહ્યા હતા.
- માલદીવ ટાપુઓનો બનેલ છે તે ૨૬ ટાપુઓમાં વહેંચાયેલો છે.
- માલદીવ વિસ્તાર અને વસ્તીએ એશિયા ખંડનો સૌથી નાનો દેશ છે.
- રાજધાની : માલે

**(૨) કુંડલી – મનેસર – પલવલ એક્સપ્રેસ (કેઅમેપી) લોકાર્પણ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુંડલી –મનેસર– પલવલ એક્સપ્રેસ (કેએમપી) નું લોકાર્પણ કર્યું
- કેએમપી એક્સપ્રેસ વેને વેસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે નામથી પણ ઓળખવામા આવે છે.
- ૬ લેનના આ એક્સપ્રેસ વે પર પાર્કિંગની જગ્યા પેટ્રોલ પંપ પોલીસ સ્ટેશન, એક ટ્રોમા સેન્ટર, હેલીપેડ, રેસ્ટોરન્ટ અને મનોરંજન કેન્દ્ર હશે.
- આ એક્સપ્રેસ વેના ઉદ્‌ઘાટનની સાથે જ હવે દિલ્હીને બહારથી આવતાં વાહનોથી રાહત મળશે.
- આ એક્સપ્રેસ વેની મદદથી રાજધાનીને પ્રદૂષણમાંથી પણ રાહત મળશે.
- એક્સપ્રેસ વે ઉપરાંત વડાપ્રધાને વિશ્વકર્મા સ્કિલ યુનિવર્સિટીનું શિલાન્યાસ પણ કર્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ અહીંથી જ વલ્લભગઢ– મુજેસર મેટ્રોની શરૂઆત પણ કરી.

**(૩) જલજ શ્રીવાસ્તવ IWAI ના અધ્યક્ષ**

- જલજ શ્રીવાસ્તવને ઇન્ડલેન્ડ વૉટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) ના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા છે.
- IWAI શિપિંગ, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલય હેઠળ અવો છે.
- શ્રીવાસ્તવ અગાઉ કૃષિ મંત્રાલયના વધારાના સચિવ તરીકે કાર્યરત હતા.

**(૪) સિંહ, વાઘ અને દીપડાના સફારી પાર્ક :**

- ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્ક્ષતામાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની ૧૪ મી બેઠક મળી હતી.
- જેમાં રાજ્ય સરકારે રાજ્યમાં ચાર સ્થળો પર નવા સિં,હ, વાઘ અને દીપડાના સફારી પાર્ક બનાવવાનો નિર્ણય કર્યો.
- જે ૪૦૦ થી ૫૦૦ હેક્ટર જમીનમાં બનાવવામાં આવશે.
- જે પૈકી ગાંધીનગર ખાતે ગિફ્ટસિટીની સામે લાયન પાર્ક બનશે. કેવડીયા ખાતે ટાઇગર સફારી પાર્ક અને વસંદા અને સુરતના માંવી ખાતે દીપડાઓનો સફારી પાર્ક બનાવશે.
- વર્ષ ૨૦૨૦ સુધીમાં આ ચારેય સફારી પાર્ક તૈયાર કરશે.

**(૫) સોમનાથમાં કાર્તિક મેળાનો પ્રારંભ :**

- સોમનાથમાં આજથી કાર્તિકી મેળાનો પ્રારંભ થશે.
- જગ વિખ્યાત સોમનાથ મહાદેવનો સાનિધ્યમાં ૫ દિવસના કાર્તિકી મેળા' નો પ્રારંભ થયો.
- આ મેળો ૧૯ થી ૨૩ નવેમ્બર સુધી આયોજન થશે.
- જેમા દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ થશે.
- સોમનાથમાં બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ છે.

૧ માલદીવના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- ઇબ્રાહિમ મોહમંદ સોલીહ

૨ વિસ્તાર અને વસ્તીએ એશિયાખંડનો સૌથી નાનો દેશ જણાવો ?
- માલદીવ

૩ કુંડલી – મનેસર – પલવલ એક્સપ્રેસનું લોકાર્પણ કોણે કર્યું ?
- નરેન્દ્ર મોદી

૪ IWAI ના નવા અધ્યક્ષ જણાવો?
- જલજ શ્રીવાસ્તવ

૫ ૨૦૨૦ સુધીમાં ગુજરાતમાં કેટલા નવા સફારી પાર્ક બનશે ?
- ૪

૬ કાર્તિકી મેળો કયા જિલ્લામાં ભરાય છે ?
- ગીર સોમનાથ

## 21.November 2018

**(૧) વર્લ્ડ ટેલીવિઝન ડે :**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૧ નવેમ્બરના રોજ દર વર્ષે વર્લ્ડ ટેલીવિઝન ડે મનાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ ૧૭ ડિસેમ્બર ૧૯૯૬ ના રિઝોલ્યુશન ૫૧/૨૦૫ દ્વારા આ દિવસની ઘોષણા કરી હતી.
- ૨૧ અને ૨૨ નવેમ્બર ૧૯૯૬ ના રોજ યુનાઇટેડ નેશન્સે પ્રથમ વર્લ્ડ ટેલિવિઝન ફોરમનું આયોજન કર્યું હતું.
- તેથી જનરલ એસેમ્બલીએ ૨૧ મી નવેમ્બરના રોજ વર્લ્ડ ટેલિવિઝન ડે તરીકે જાહેર કરવાનો નિર્ણય લીધો.

**(૨) ગ્લોબલ ટેલેન્ટ ઇન્ડેક્સ : ભારત ૫૩ માં ક્રમે :**

- સ્વિટ્ઝર્લેન્ડની આઇએમડી ગ્લોબલ ટેલેન્ટ ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.

Vivekanand Academy Gandhinagar

- આ આલ્પાઇન રાષ્ટ્ર પ્રથમ સ્થાને રહ્યું જ્યારે ભારત ૫૩ માં સ્થાને રહ્યું.
- વર્ષ – ૨૦૧૭માં ભારત આ ઇન્ડેક્સમાં ૫૫માં સ્થાને હતું.
- આ યાદીમાં ડેન્માર્ક અને બેલ્જિયમ અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યાં.
- સિંગાપુર આ ઇન્ડેક્સમાં વૈશ્વિક ૧૩ માં સ્થાને રહ્યું જ્યારે એશિયામાં પ્રથમ સ્થાન પર રહ્યું.

(૩) વજરા પ્રહાર :

- ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે ૧૨– દિવસની સંયુક્ત લશ્કરી કવાયત શરૂ થઇ.
- રાજસ્થાનના જયપુરમાં 'વજરા પ્રહાર' તરીકે ઓળખાતી આ લશ્કરી કવાયત ૧૮ મી નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ચાલશે.
- આ કવાયત ભારતીય સ્પેશ્યલ ફોર્સિસ અને યુનાઇટેડ સ્ટેટ્સની પેસિફિક કમાન્ડર ટુકડી વચ્ચે મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં કરવામાં આવશે.

(૪) ઇઝ ઑફ ડૂંઇંગ બિઝનેસ ગ્રાન્ડ ચેલેન્જ :

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં ઇઝ ઓફ ડૂંઇગ બિઝનેસ ગ્રાન્ડ ચેલેન્જ શરૂ કરી.
- આ ચેલેન્જનો ઉદ્દેશ સરકારી પ્રક્રિયાઓમાં સુધારા કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, બિગ ડેટા એનાલિટિક્સ, બ્લોકચેન અને અન્ટ કટીંગ ટેકનોલોજીના આધારે નવીન વિચારોને આમંત્રિત કરવાનો છે.
- ગ્રાન્ડ ચેલેન્જ માટેનું પ્લેટફોર્મ સ્ટાર્ટઅપ ઇન્ડિયા પોર્ટલ છે.
- કેન્દ્ર સરકારે નીતિ આધારિત ગવર્નન્સ અને અનુમાનિત પાદર્શક નીતિઓ પર ભાર મૂક્યો છે.
- વિશ્વ બેન્કના ડુઇંગ બિઝનેસ રિપોર્ટ ૨૦૧૮માં ભારત ૭૭ ક્રમે રહ્યું હતું.
- ઇઝ ડૂંઇગ બિઝનેસ રેંકિંગ એ વિશ્વ બેંક દ્વારા હાથ ધરવામાં આવતું વાર્ષિક મૂલ્યાંકન છે.

પ્રશ્નો :

૧ વર્લ્ડ ટેલીવિઝન ડે ક્યારે મનાવાય છે ?
- ૨૧ નવેમ્બર

૨ ગ્લોબલ ટેલેન્ટ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૫૩

3 'વજરા પ્રહાર' લશ્કરી કવાયત કયા બે દેશ વચ્ચે યોજાઇ ?
- ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ

૪ ઇઝ ઓફ ડુંઇગ બિઝનેસ ગ્રાન્ડ ચેલેન્જ કયાં શરૂ કરવામાં આવી ?
- નવી દિલ્હી

## 22.November 2018

**(૧) હવે ડ્રાઇવિંગ લાઇસન્સની ઇ કોપી માન્ય :**

- ડ્રાઇવિંગ દરમિયાન ડ્રાઇવિંગ લાઇસન્સ કે આરસી બુકની ઇ – કોપી પણ માન્ય ગણાશે.
- કેન્દ્રીય સડક પરિવહન મંત્રાલય દ્વારા વાહન અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૧૩૯માં આ મુજબનો ફેરફાર કરી દીધો છે.
- નવા કાયદા અનુસાર મૂળ દસ્તાવેજોને ડિજીલોકર પર સ્કેન કરવું પડશે.
- કાયદા મુજબ વાહન નોંધણી, વીમા, ડ્રાઇવીંગ લાયસન્સ નિયંત્રણ પ્રમાણપત્રો હેઠળ પ્રદૂષણ વગેરેની જરૂરી નકલો સંબંધિત અધિકારી દ્વારા માંગવામાં આવે ત્યારે ભૌતિક અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં બતાવવાની જરૂર છે.

ડીજીલોકર શું છે.

- ડીજીલોકરએ ડિજિટલ રીતે દસ્તાવેજો અને પ્રમાણપત્રોની રજૂઆત અને ચકાસણી માટે એક પોર્ટલ છે. તે ભૌતિક દસ્તાવેજોના ઉપયોગને દૂર કરે છે.
- એપ્લિકેશનને Google Play Store અથવા App Store પરથી ડાઉનલોડ કરી શકાય છે.
- ડિજિલોકરે સ્ટાન્ડર્ડ ફોર્મેટમાં વ્યક્તિઓને ઇ–દસ્તાવેજો ઇસ્યુ કરે છે અને તેમને ઇલેક્ટ્રોનિક્સ ઉપલબ્ધ કરાવવામાં આવે છે., જેમાં સીબીએસઇ, રજિસ્ટ્રાર ઑફિસ, આવકવેરા વિભાગ વગેરેનો સમાવેશ થાય છે.
- સડક પરિવહન મંત્રાલય મંત્રી – નિતિન ગડકરી

(૨) ભારત – પાક. કરતારપુર – કોરિડોર :

- પાકિસ્તાનના કરતારપુર સ્થિત ગુરૂનાનક દેવજીની સાથે જોડાયેલા ઐતિહાસિક ગુરૂદ્વારા માટે સરહદ સુધી ભારતમાં કોરિડોર બનાવાશે.
- કેન્દ્ર કેબિનેટે દ્વારા તેને મંજૂરી આપી હતી.
- ડેરા બાબા નાકનકથી સરહદ સુધીના કોરિડોરનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે.
- હાલમાં ૩ કિમી દૂરથી દુરબીન દ્વારા દર્શન થાય છે.

(૩) વાસિમ જાફરના ૧૧,૦૦૦ રન

- રણજી ટ્રોફીમાં ટીમ વિદર્ભના બેટ્સમેન વાસિમ જાફરે ૧૧,૦૦૦ રન ફટકાર્યા.
- વાસિમ જાફર રણજી ટ્રોફીમાં ૧૧,૦૦૦ રન ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યા.
- જાફરે બરોડા સામે, ૧૫૩ રન રમ્યા હતા અને તે દરમિયાન ૧૧,૦૦૦ રન બનાવ્યા હતા.
- આ દરમિયાન જાફર અને ફૈઝ ફઝલે ૩૦૦ રનની ભાગીદારી કરી હતી.

- તેણે ચોથી વખત રણજી ટ્રોફીમાં ૩૦૦ અથવા વધુ રનની ભાગીદારી બનાવી છે.
- તેણે વિજય હજારેના રેકોર્ડ સાથે બરાબરી કરી.
- રણજી ટ્રોફી દેશની સૌથી પ્રતિષ્ઠિત ક્રિકેટ ટુર્નામેન્ટ છે જેની શરૂઆત જુલાઇ – ૧૯૩૪માં થઇ હતી.
- સમગ્ર દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં નવીનીકરણને પ્રોત્સાહિત કરવા માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'ઇનોવેટિવ સેલ' ની શરૂઆત કરવામાં આવી.
- ઇનોવેટિવ સેલ ઓલ ઇન્ડિયા ટેકનિકલ એજ્યુકેશન કાઉન્સિલ અંતર્ગત કાર્યરત રહેશે.
- માનવ સંસાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકરે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા મંત્રાલયના ઇનોવેટિવ સેલના 'ઇનોવેટિવ કાઉન્સિલ ઓફ એસ્ટાબ્લિશમેન્ટ' પ્રોગ્રામની શરૂઆત કરી હતી.
- દેશભરની યુનિવર્સિટીઓ ઇનોવેશન કાઉન્સિલ પ્રોગ્રામ દ્વારા સંશોધન કેન્દ્રોની સ્થાપના કરી રહ્યાં છે.
- ઇનોવેટિવ સેલ દ્વારા આગામી સમયમાં અટલ રેંકિંગ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ અને સ્માર્ટ ઇન્ડિયા હેકેથોન–૨૦૧૯ જેવા કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવશે.

પ્રશ્નો :

૧ સડક પરિવહન મંત્રાલય મંત્રીનું નામ જણાવો ?
- નિતિન ગડકરી

૨ રણજી ટ્રોફીમાં ૧૧૦૦૦ રન ફટકારનાર પ્રથમ બેટ્સમેન જણાવો ?
- વાસિમ જાફર

૩ 'ઇનોવેટિવ સેલ' ની શરૂઆત કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવી ?
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય

## 23.November 2018

**(૧) એરિક સોલેમનું રાજીનામું – યુએનઇપી**

- યુનાઇટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) પ્રમુખ એરિક સોલેમે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.
- એરિક સોલેમ વિરૂદ્ધ મુસાફરી સમયે વધુ નાણાં ખર્ચના આરોપોના લીધે તેમણે રાજીનામું આપ્યું.
- એરિક સોલ્હેમે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગ્યુટરેસને પોતાનું રાજીનામું આપ્યું છે.
- એરિક સોલ્મ જૂન–૨૦૧૬માં યુએનઇપીના અધ્યક્ષ બન્યા હતા.
- યુએનઇપીના નાયબ ડિરેક્ટર જોયસ મસૂયા ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળશે.
- યુએનઇપી મુખ્યાલય : નૈરાબી, કેન્યા
- વર્લ્ડ એન્વાયર્મેન્ટ ડે – ૫ જૂન

**(૨) સ્ટેચ્યૂ ઓફ પીસ – અમદાવાદ**

- ગુજરાતમાં બૌદ્ધિઝમનો પ્રચાર પ્રસારના હેતુથી અમદાવાદની નજીક સાબરમતી નદીના કિનારે ભગવાન બુદ્ધની ૮૦ ફૂટ ઊંચી સ્ટેચ્યૂ ઓફ પીસ તૈયાર કરવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા સ્ટેચ્યૂ ઓફ પીસ માટે ૫ એકર જમીન ફાળવવામાં આવી છે.
- ગાંધીનગરમાં ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બૌદ્ધ સ્મારક તૈયાર કરવામાં આવશે. જ્યાં ભગવાન બુદ્ધની પ્રતિમા તૈયાર કરાશે.

**(૫) ફાહમિદા રિયાઝ નિધન :**

- પાકિસ્તાનના જાણીતા લેખક અને શાયર ફાહમિદા રિયાઝનું નિધન થયું.
- તેમનું નિધન ૨૧ નવેમ્બર ૨૦૧૮ના રોજ લાહોર ખાતે થયું.
- ફાહમિદા સાહિત્ય ક્ષેત્રે નારીવાદી અને ક્રાંતિકારી વિચારધારા માટે જાણીતી છે.
- પાકિસ્તાનમાં તેઓ માનવ અધિકારો માટે સક્રિય પણ હતા.
- તેમની મૃત્યુથી ઉર્દૂ સાહિત્યને ઊંડા નુકસાન થયું છે.
- ફાહમિદા રિયાઝનો જન્મ ૨૮ જુલાઇ ૧૯૪૫ના રોજ ઉત્તર પ્રદેશના મેરઠમાં થયો હતો.
- તેઓ જાણીતા ઉર્દૂ લેખક, કવિ, માનવ અધિકાર કાર્યકર અને નારીવાદી હતા.
- તેમનું પ્રથમ પુસ્તક ૧૯૬૭ માં પ્રકાશિત થયું હતું, જેનું નામ 'ઝૂન સ્ટોન' હતું.
- તેમણે ઉર્દૂ, સિંધી અને પારસી ભાષાઓ પુસ્તકો લખ્યા છે.
- તેમણે રેડિયો પાકિસ્તાનમાં ન્યુઝકાસ્ટર તરીકે કામ કર્યું.

પ્રશ્નો :

૧ UNFPનું મુખ્યાલય કયા આવેલ છે ?
- નૈરૌબી, કેન્યા

૨ વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૫ જૂન

૩ સ્ટેચ્યૂ ઓફ પીસની રચના કયાં કરવામાં આવશે ?
- અમદાવાદ

૪ ફહામિદા રિયાઝનો જન્મ કયાં થયો હતો ?
- ઉત્તરપ્રદેશના મેરઠમાં

૫ ફાહમિદા રિયાઝનું પ્રથમ પુસ્તક કર્યું હતું ?
- ઝૂન સ્ટોન

## 24.November 2018

**(૧) ભાંગમાંથી કેન્સરની દવાનો પ્રયોગ સફળ :**

- આયુષ મંત્રાલયની સંસ્થા સેન્ટ્રલ કાઉન્સીલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદ સાયન્સે ભાંગમાંથી કેન્સરની દવા તૈયાર કરી છે.
- તેઓ પાઇલટ પ્રોજેક્ટ સફળ રહ્યો છે અને હવે આ દવાનો ઉપયોગ એઇમ્સમાં સારવાર માટે આવતા દર્દીઓ પર કરવામાં આવશે.
- તેના માટે એઇમ્સ અને આયુષ મંત્રાલય વચ્ચે સમજૂતી થઇ છે.
- ભાંગમાંથી તૈયાર કરાયેલી દવા મુંબઇ સ્થિત તાતા મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીઓ પર પણ વાપરવામાં આવી હતી.
- માર્ચ મહિનાથી આ દવાનો ઉપયોગ એઇમ્સમાં કેન્સર માટે આવતા દર્દીઓ માટે કરાશે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્વામિનારાયણ સંપ્રદાયના તિર્થધામ વડતાલને યાત્રાધામમાં સમાવેશ કરવાની જાહેરાત કરી.
- મુખ્યમંત્રી રૂપાણી વડતાલ કાર્તિકી સમૈયાના પ્રસંગે વડતાલને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કર્યું હતું.
- સ્વામીનારાયણ ભગવાને વડતાલમાં હરિકૃષ્ણ ભગવાન અને લક્ષ્મીનારાયણના મંદિરમાં સ્થાપના કરી હતી.
- આ જાહેરાતથી ખેડા જિલ્લામાં ડાકોર બાદ વડતાલનો પણ યાત્રાધામ તરીકે સમાવેશ થયો છે.
- આ અગાઉ રાજ્યમાં પાલિતાણા, સોમનાથ, અંબાજી, ડાકોર, શામળાજી વગેરે સ્થળોને યાત્રાધામ જાહેર કરાયાં છે.

**(૨) કિમ જોંગ યાંગ ઇન્ટરપોલના નવા પ્રમુખ :**

- દુબઇ ખાતે યોજાયેલ ઇન્ટરનેશનલ પોલીસ સંસ્થા ઇન્ટરપોલની વાર્ષિક સભામાં દક્ષિણ કોરિયાના કિમ જોંગ યાંગને પ્રમુખ બનાવવાં આવ્યા.
- તેમની નિમણૂક બે વર્ષ માટે કરવામાં આવી છે.
- તેઓ હાલમાં ઇન્ટરપોલના કાર્યકારી પ્રમુખ તરીકે ફરજ બજાવતા હતા.
- યુનિસેફ દ્વારા નાહિદ આફરીનને ઉત્તર પૂર્વીય પ્રદેશના યુથ એડવોકેટ નીમવામાં આવી.
- આસામની નાહિદ આફરીન લોકપ્રિય ગાયકા છે.
- નાહિદ આફરીને ૨૦૧૬માં બોલિવૂડની ફિલ્મ અકીરામાં સોનાલી સિંહ સાથે અભિન કર્યો હતો.
- તેમને આસામ રાજ્ય ફિલ્મ એવોર્ડ –૨૦૧૮માં શ્રેષ્ઠ મહિલા પાર્શ્વગાયકનો એવોર્ડ પણ મળ્યો હતો.

પ્રશ્નો :

૧ આયુષમંત્રાલયની કઇ સંસ્થાએ ભાંગમાંથી કેન્સરની દવા તૈયાર કરી ?
- સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદિક સાયન્સ

૨ તાજેતરમાં કોણે વડતાલનો યાત્રાધામમાં સમાવેશ કરવાની જાહેરાત કરી ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

૩ ઇન્ટરપોલના નવા પ્રમુખનું નામ જણાવો ?
- કિમ જોગ યાંગ

૪ ઉત્તર પૂર્વીય પ્રદેશના યુથ એડવોકેટ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- નાહિદ આફરીન

૫ આસામ રાજ્ય ફિલ્મ એવોર્ડ – ૨૦૧૮માં શ્રેષ્ઠ મહિલા પાર્શ્વગાયકનો એવોર્ડ કોને મળ્યો ?
- નાહિદ આફરીન

## 25.November 2018

- દિલ્હી ખાતે યોજાયેલ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં મેરીકોમે ગોલ્ડ જીત્યો.
- ટુર્નામેન્ટમાં ૭૩ દેશોની ૩૦૦ થી વધુ મહિલા બોક્સરો રમશે.
- ભારતની ૧૦ મહિલા બોક્સરો ટુર્નામેન્ટમાં રમશે.
- ભારતીય બૉક્સર ખિલાડી મેરી કોમે વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં છઠ્ઠો ગોલ્ડ જીત્યો.
- તેણે મહિલા વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ૪૮ કિ.ગ્રા.નો ખિતાબ પોતાને નામ કરી લીધો હતો.
- મેરીકોમે ફાઇનલમાં યુક્રેનની હના ઓખોટાને ૫–૦ થી હરાવી સુવર્ણ પદક જીતી લીધો હતો.
- આ સાથે જ મેરી કોમે છ વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતનારી વિશ્વની પ્રથમ ખેલાડી બની ગઇ છે.
- તેની પહેલા મેરી કોમે વર્ષ ૨૦૦૨, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૮, અને ૨૦૧૦માં વિશ્વ ચેમ્પિયનશીપનો ખિતાબ જીતી ચૂકી છે.
- વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ૬ ગોલ્ડ જીતનારી તે વિશ્વની પ્રથમ મહિલા બોક્સર બની છે.

**(૨) ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન સી.કે. જાફર સરીફનું નિધન :**

- કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન સી. કે. જાફર સરીફનું ૨૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ નિધન થયું.
- જાફર શરીફનો જન્મ ૩ નવેમ્બર ૧૯૩૩ના રોજ કર્ણાટકના ચલોકરેરમાં થયો હતો.
- તેઓ પી.વી. રાવ સરકારમાં ૧૯૯૧ થી ૧૯૯૫ દરમ્યાન રેલવે પ્રધાન હતા.

**(૩) આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ –ગોવા :**

- ગોવાના પણજી ખાતે ૪૯માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ શરૂ થયો.
- આ મહોત્સવનું આયોજન પણજીના શ્યામાપ્રસાદ મુખર્જી ઇન્દોર સ્ટેડિયમ ખાતે થયું છે.

- આ ફિલ્મ ફેસ્ટિવલ ૬૮ થી વધુ દેશોની ૨૧૨ ફિલ્મોનું પ્રદર્શન કરશે.
- આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન ગોવા માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
- ફિલ્મ ફેસ્ટીવલની શરૂઆત વર્ષ ૧૯૫૨માં થઇ હતી.

**(૪) ૪૫માં રાષ્ટ્રીય વિજ્ઞાન ગણિત અને પર્યાવરણનનો પ્રારંભ :**

- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ૪૫માં રાષ્ટ્રીય વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો પ્રારંભ કરાવ્યો.
- મુખ્યમંત્રીએ દેશભરના ૨૨ રાજ્યોના બાળ – યુવા વૈજ્ઞાનિકો તેમજ ગણિત પર્યાવરણ વિષયના અભ્યાસુઓ માટે આ અવસરને કુંભ મેળા સમાન ગણાવ્યો હતો.
- આ પ્રદર્શનનું આયોજન .. અને … દ્વારા કરવામાં આવ્યું છે.
- રાષ્ટ્રીય વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શનની શરૂઆત વર્ષ ૧૯૭૧ થી થઇ હતી.

૧ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ ક્યાં યોજાઇ હતી ?
- દિલ્હી

૨ ગોવાના પણજી ખાતે કેટલામો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ શરૂ થયો હતો ?
- ૪૯

૩ ગુજરાતમાં ૪૫ માં રાષ્ટ્રીય વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો પ્રારંભ ક્યાં થયો ?
- અમદાવાદ

૪ રાષ્ટ્રીય વિજ્ઞાન ગણિત અને પર્યારવણ પ્રદર્શનની શરૂઆત ક્યાં વર્ષથી થઇ ?
- ૧૯૭૧ થી

૫ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન કોના દ્વારા કરવામા આવે છે ?
- ગોવા માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા

## 26-27.November 2018

**(૧) બંધારણ દિવસ – ૨૬ નવેમ્બર :**

- દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ ભારતમાં 'બંધારણ દિવસ' ઉજવવામાં આવે છે.
- આ દિવસે ભીમરાવ આંબેડકરની યાદમાં મનાવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૫ થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ૨૦૧૫ પહેલા આ દિવસ ૨૬ નવેમ્બર કાયદા દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો.
- ભારતના બંધારણ માટેની ડ્રાફ્ટ સમિતિની સ્થાપના ૨૯ ઑગસ્ટ ૧૯૪૭ ના રોજ થઇ હતી તે સમિતિના અધ્યક્ષ તરીકે ભીમરાવ આંબેડકરને નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- બંધારણ ઘડવાની કામગીરી ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ ચાલી હતી.
- ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણને સ્વીકારવામાં આવ્યું હતું.
- ત્યારબાદ, ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ તેને અમલમાં મૂકવામાં આવ્યું.
- ભારતીય બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ છે.
- બંધારણ સભાની પ્રથમ બેઠક – ૯ ડિસેમ્બર ૧૯૪૬
- બંધારણ સભાની અંતિમ બેઠક – ૨૪ જાન્યુઆરી – ૧૯૫૦

**(૨) નેશનલ મિલ્ક ડે– ૨૬ નવેમ્બર :**

- નેશનલ મિલ્ક ડે– ડૉ. વર્ગીસ કુરિયનની ૯૭ મી જન્મજયંતિ
- વર્ષ ૨૦૧૪ થી દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ નેશનલ મિલ્ક ડે મનાવવામાં આવે છે.
- આ દિવસ ડૉ. વર્ગીસ કુરિયનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ ૨૬ નવેમ્બર ૧૯૨૧ના રોજ કેરળના કાલિકટ ખાતે થયો હતો.
- તેમણે વર્ષ ૧૯૬૫માં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) ની સ્થાપના કરી હતી.
- તેઓ શ્વેત ક્રાંતિના જનક તરીકે ઓળખાય છે.

**(૩) ધો.–૧૨ માં દફતરનું વજન ૧.૫ કિલો**

- માનવ સંસાધન વિકાસ મંત્રાલયે વિદ્યાર્થીઓ સ્કુલે લઇને આવતા દફતરના વજનની લીમિટ પોલીસીમાં બદલાવ કર્યા છે.
- ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓ સ્કૂલે લઇને આવતા દફતરનું વજન નક્કી કરાયું છે.
- જેમાં ધો.૧–૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના દફતરનું વજન દોઢ કિલો કરતા વધુ ન રાખવા તેમજ હોમવર્ક ન આપવાની સૂચના આપી છે.
- આવનારા સમયમાં દરેક રાજ્યોમાં દફતરના વજનની લિમિટ અંગેનો નિયમ અમલ થઇ શકે છે.

**(૪) ૫૦ મી મન કી બાત :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦ મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.

- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર–૨૦૧૪ ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.
- મન કી બાતના મહત્વના અંશો :
- વિવિધ કાર્યક્રમો અથવા સોશિયલ મિડીયા દ્વારા તેમનો પ્રયાસ યુવાનો સાથે સતત વાતચીત કરવાનો હોય છે.
- તેઓ યુવાનોએ મેળવેલી સિદ્ધિઓ અને પ્રયાસોને આ કાર્યક્રમના માધ્યમથી અન્ય સુધી પહોંચાડવાનો પ્રયાસ કરે છે.
- તેમણે રેડીયોને વાતચીતનું સશક્ત અને અસરકારક માધ્યમ હોવાનું ગણાવ્યું હતું.
- સરકાર આવતા વર્ષે દેશ ગુરૂનાનક દેવજીનો ૫૫૦ મો પ્રાગટ્ય દિવસ ઉજવશે.
- આ પ્રકાશ પર્વને ભવ્ય રીતે ઉજવવામાં આવશે અને ગુરૂનાનક દેવજીના જીવન સાથે સંકળાયેલા સ્થળોને જોડતી એક ખાસ ટ્રેન ચલાવવામાં આવશે.
- શીખ ભાવિકો પાકિસ્તાનના કરતારપુર સુધી જઇને ગુરૂનાનક દેવી પ્રત્યે આસ્થા વ્યક્તિ કરી શકે તે માટે કરતારપુર સુધીનો ખાસ કોરીડોર બાંધવાનો નિર્ણય સરકારે લીધો છે.

**(૫) નેધરલેન્ડની મહિલા હોકી ટીમે ૭ મી વાર ચેમ્પિયન્સ ટ્રોફી જીતી :**

- નેધરલેન્ડની મહિલા હોકી ટીમે ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો.
- નેધરલેન્ડે ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને ૫–૧ થી હરાવ્યું હતું.
- નેધરલેન્ડની ટીમ સાતમીવાર ચેમ્પિયન બની. આ ચેમ્પિયન્સ ટ્રોફીની છેલ્લી સીઝન હતી.
- હવે આવતા વર્ષથી હોકીમાં ગ્લોબલ પ્રો લીગ શરૂ થઇ જશે.
- ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી સીઝન ૧૯૮૭ માં રમાય હતી.
- ત્યારે પણ નેધરલેન્ડ ટીમ ચેમ્પિયન બની હતી અને છેલ્લી સીઝનનો ખિતાબ પણ નેધરલેન્ડના નામે રહ્યો હતો.
- ટૂર્નામેન્ટમાં ૨૩ સીઝનમાં નેધરલેન્ડે ૨૧ વાર મેડલ જીત્યા છે.

૧ બંધારણ દિવસ કોની યાદમાં મનાવવામાં આવે છે ?
- ભીમરાવ આંબેડકરની

૨ બંધારણને અમલમાં ક્યારે મૂકવામાં આવ્યું ?
- ૨૬ જાન્યુઆરી–૧૯૫૦

૩ કયાં વર્ષથી દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ નેશનલ મિલ્ક ડે મનાવવામા આવે છે ?
- ૨૦૧૪ થી

૪ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેટલામી મન કી બાબત સંબોધી ?
- ૫૦ મી

૫ ભારતના બંધારણ માટેની ડ્રાફ્ટ સમિતિની અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા હતા ?
- ભીમરાવ આંબેડકરને

પ્રશ્નો :

૧ દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશ્નર પદે કોણ નિમણૂક પામ્યા છે ?
- સુનીલ અરોરા

૨ દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશ્નર પોતાનો કાર્યભાર ક્યારથી સંભાળશે ?
- ૨ ડિસેમ્બર

૩ હોકી વર્લ્ડકપ ટુર્નામેન્ટની ઓપનિંગ સેરેમની કયાં યોજાઇ હતી ?
- કલિંગા સ્ટેડિયમમાં

૪ ૨૦૧૯ ની લોકસભા ચૂંટણીનું આયોજન પંચ કોના નેતૃત્વમાં કરશે ? સુનીલ અરોરા

૫ હોકી વર્લ્ડકપ ટુર્નામેન્ટ કયાં યોજાઈ હતી ?
- ભુવનેશ્વર

## 28.November 2018

**(૧) પાર્શ્વ ગાયક મોહમંદ અઝીઝનું નિધન :**

- જાણીતા પાર્શ્વ ગાયક મોહમંદ અઝીઝનું ૨૭ મી નવેમ્બર, ૨૦૧૮ના રોજ અવસાન થયું.
- તેમનો જન્મ ૨ જુલાઇ ૧૯૫૪માં પશ્ચિમ બંગાળના અશોકનગર થયો હતો.
- તેઓએ વર્ષ ૧૯૮૨માં ગાયક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી.
- પશ્ચિમ બંગાળમાં જન્મેલા અઝીઝ ફિલ્મ મર્દનું ગીત–મર્દ તાંગેવાલાથી ઘણા પ્રખ્યાત થયા હતા.
- તેમનું 'આપકે આ જાને સે'... ગીત પણ ઘણું લોકપ્રિય બન્યું હતું.

**(૨) નાસાના યાનનું મંગળ ગ્રહ પર સફળ લેન્ડિંગ :**

- અમેરિકન અવકાશ એજન્સી નાસાનું ઇનસાઇટ લેન્ડર યાન સફળતાપૂર્વક મંગળની સપાટી પર ઉતર્યું.
- લેન્ડિંગ ભારતીય સમયાનુસાર રાતે અંદાજે ૧:૨૪ વાગ્યે શરૂ થયું.
- આ યાને અંદાજે સાત મહિનામાં ૪૮.૨ કરોડ કિ.મી.નુ અંતર કાપ્યું.

- મંગળની કક્ષામાં પ્રવેશ કરતી વખતે આ યાનની ઝડપ ૧૯ હજાર ૮૦૦ કિ.મી. હતી.
- નાસા વર્ષ ૧૯૭૬ થી મંગળ મિશન પર કામ કરી રહ્યું છે. ત્યારથી નાસા નવ પ્રોબ મોકલી ચૂક્યું છે.
- ૨૦૧૨માં તેણે મોકલેલું આઠમું યાન ક્યું રિયોસિટી રોવર જ મંગળ પર ઉતરી શક્યું હતું, અન્ય સાત પ્રયાસ નિષ્ફળ રહ્યા હતા.
- ઇનસાઇટ નાસાનો મંગળ પર નવમો પ્રોજેક્ટ છે.
- નાસા દ્વારા મંગળના આંતરિક ભાગોના અભ્યાસ માટે આ અવકાશયાનને ૫ મે ૨૦૧૮ના રોજ મોકલાયું હતું.
- અમેરિકાના કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ એરફોર્સ બેઝથી એપ્લસ વી રોકેટ મારફતે લોન્ચ કરવામાં આવ્યું હતું.
- બ્રીફકેસના આકારનો આ યાન સૌર ઊર્જા અને બેટરીથી ચાલે છે. તે ૨૬ મહિના સુધી કામ કરવા માટે ડિઝાઇન કરાયો છે.
- ઇનસાઇટ એક ટાઇમ મશીન છે, જે ૪.૫ અબજ વર્ષ પહેલાં મંગળ, ધરતી ચંદ્ર જેવા પથરાળ ગ્રહ કેવી રીતે બન્યા તે માહિતી એકત્ર કરશે.
- ઇનસાઇટ પ્રોબનું મુખ્ય ઉપકરત સિસ્મોમીટર છે.

**(૩) સલીમ ખાનને ફિલ્મ ક્ષેત્રે યોગદાન બદલ પુરસ્કાર :**

- પટકથા લેખક સલીમ ખાનને સિનેમા ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો.
- તેમનું આ સન્માન ૪૯માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવમાં કરવામાં આવ્યું.
- તેમને સન્માનમાં એક પ્રમાણપત્ર સાથે ૧૦ લાખ રૂપિયા રોકડ એનાયત કરવામાં આવ્યા.

પ્રશ્નો :

૧ મોહમંદ અઝીઝનું કાર્યક્ષેત્ર જણાવો ?
- ગાયક કલાકાર

૨ અમેરિકન અવકાશ એજન્સી નાસાનું ક્યું યાન સફળતાપૂર્વક મંગળની સપાટી પર ઉતર્યું ?
- ઇનસાઇટ લેન્ડર યાન

૩ પટકથા લેખક સલીમ ખાનને સિનેમા ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ ક્યો એવોર્ડ એનાયત કરાયો ?
- લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ

## 29.November 2018

**(૧) અરવિંદ સક્સેના – યુનિયન પબ્લિક સર્વિસ કમિશન અધ્યક્ષ :**

- અરવિંદ સક્સેનાને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસી) ના અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા.
- તેઓ વિનય મિત્તલનું સ્થાન લેશે.
- તેનો કાર્યકાળ આ પોસ્ટ પર ૭ ઑગસ્ટ ૨૦૨૦ સુધી રહેશે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે યુપીએસસી પ્રમુખના પદ પર અરવિંદ સક્સેનાની નિમણૂંકને મંજૂરી આપી છે.
- અરવિંદ સક્સેના અગાઉ ઉડ્ડયન સંશોધન કેન્દ્રના નિયામક તરીકે કામ કરતા હતા.
- અરવિંદ સક્સેનાને ૮ મે, ૨૦૧૫ ના રોજ યુપીએસસીના સભ્ય બનાવવામાં આવ્યા હતા.
- તેમણે દિલ્હી કોલેજ ઓફ એન્જીનિયરિંગ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઇઆઇટી) દિલ્હી થી અભ્યાસ કર્યો છે.
- તેઓ ભારતીય ટપાલ સેવા ૧૯૭૮ બેચના અધિકારી છે.
- અરવિંદ સક્સેનાને ૨૦૧૪ માં ઉડ્ડયન સંશોધન કેન્દ્ર (એઆરસી) માં વિશેષ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમને ૨૦૦૫માં મેરિટોરિયસ સર્વિસ પુરસ્કાર અને વર્ષ ૨૦૧૨ માં અસાધારણ સેવાનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- યુનિયન ઓફ ઇન્ડિયા ભારત સરકારના પબ્લિક સર્વિસ અધિકારીઓ નિમણૂક પરીક્ષા કરે છે.

**(૨) આઇસીસી ટેસ્ટ રેન્કિંગ :**

- તાજેતરમાં આઇસીસી દ્વારા ટેસ્ટ રેન્કિંગ જાહેર કરવામાં આવ્યો.
- રેન્કિંગમાં ટીમ ઇન્ડિયાના સુકાની વિરાટ કોહલી આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં ૯૩૫ પોઇન્ટ નંબર ૧ બેટ્સમેન તરીકે યથાવત છે.
- આ સાથે બીજા સ્થાને ૯૧૦ પોઇન્ટ સાથે સ્ટીવ સ્મિથ છે.
- દ. આફ્રિકાના કૈગિસો રબાડા ફરી એકવાર નંબર ૧ ટેસ્ટ બોલર બની ગયો છે.
- રેન્કિંગમાં અશ્વિન ૭ માં સ્થાને છે. જ્યારે રવીન્દ્ર જાડેજા ૫માં સ્થાને છે.

ટોપ – ૫ બેટ્સમેન્

| રેન્ક : | બેટ્સમેન | પોઇન્ટ |
|---|---|---|
| ૧ | વિરાટ કોહલી | ૯૩૫ |
| ૨ | સ્ટીવ સ્મિથ | ૯૧૦ |
| ૩ | વિલિયમ્સન | ૮૭૬ |
| ૪ | જો રૂટ | ૮૦૭ |
| ૫ | ડેવિડ વોર્નર | ૮૦૩ |

ટોપ–૨ બોલર :

| રેન્ક | બોલર | પોઇન્ટ |
|---|---|---|
| ૧ | રબાડા | ૮૮૨ |
| ૨ | એન્ડરસન | ૮૭૪ |

Vivekanand Academy Gandhinagar

૩ મો. અબ્બાસ ૮૨૯
૪ ફિલેન્ડર ૮૨૬
૫ જાડેજા ૮૧૨

**(૩) ઇસરો આઠ દેશના ૩૦ સેટેલાઇટ લોન્ચ કર્યા :**

- ઇસરોએ પીએસએલવી–સી ૪૩ ની મદદથી ૩૦ સેટેલાઇટ લોન્ચ કર્યા
- તેમાં ભારત સહિત ૮ દેશોના ૩૦ સેટેલાઇટ લોન્ચ કરવામાં આવ્યા જેમાં ૨૩ સેટેલાઇટ અમેરિકાના છે.
- આ સાથે ઓસ્ટ્રેલિયા, કેનેડા, કોલમ્બિયા, ફિનલેન્ડ, મલેશિયા, નેધરલેન્ડ્સ અને સ્પેનમાં દરેક એક સેટેલાઇટનો સમાવેશ કરે છે.
- પીએસએલવી– સી– ૪૩નું વજન ૩૮૦ કી.ગ્રા છે.
- આ લોન્ચિંગ શ્રી હરિ કોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટર કરવામાં આવ્યું.
- આ મિશનનો મુખ્ય ઉપગ્રહ HyslS છે.
- એચ.આય.વી. એસ.એસ. ઉપગ્રહનો પ્રાથમિક હેતુ પૃથ્વીની સપાટી સાથે ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમના ઇન્ફ્રારેડ અને ટૂંકા તરંગ ઇન્ફ્રારેડ વિસ્તારોનો અભ્યાસ કરવાનો છે.
- અગાઉ ૧૪ નવેમ્બરના રોજ ઇસરોએ જીએસટી–૨૯ ઉપગ્રહ લોન્ચ કર્યો હતો.
- પોલાર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ વિશ્વની સૌથી વિશ્વસનીય પ્રક્ષેપક વાહનો પૈકી એક છે.
- તે છેલ્લા ૨૦ વર્ષથી સેવાઓ પૂરી આપી છે.
- ઇસરો : ભારતીય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન :

(૪) મિશન રક્ષા જ્ઞાન શક્તિ :

- સંરક્ષણ મંત્રી નિર્મલા સીધારામને ૨૭ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ મિશન રક્ષા જ્ઞાન શક્તિ શરૂ કર્યું.
- આ મિશનનો ઉદ્દેશ સંરક્ષણદ ઉધોગની શોધ અને નવા ઉત્પાદનોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- સંરક્ષણ પ્રધાનએ મિશન મોડ પ્રોગ્રામ હેઠળ મિશન રક્ષા જ્ઞાન શક્તિ શરૂ કર્યો.
- આ મિશન ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

પ્રશ્નો :

૧ કોને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) ના અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા ?
- અરવિંદ સક્સેનાને

૨ અરવિંદ સક્સેના કોનું સ્થાન લેશે ?
- વિનય મિત્તલનું

૩ તાજેતરમાં જાહેર થયેલા આઇસીસી ટેસ્ટ રેકિંગમાં વિરાટ કોહલીનો ક્રમ જણાવ ?
- પ્રથમ

૪ ૨૯ નવેમ્બરના રોજ ઇસરોએ કયાં વ્હીકલની મદદથી ૩૦ સેટેલાઇટ લોન્ચ કર્યા ?
- પીએસએલવી–સી–૪૩ની

૫ સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામે ૨૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ કયું મિશન શરૂ કર્યું ?: રક્ષા જ્ઞાન શક્તિ

## 30.November 2018

**(૧) મહારાષ્ટ્ર વિધાનસભાએ મરાઠા આરક્ષણને મંજૂરી આપી :**

- મહારાષ્ટ્રના મરાઠા સમુદાયને અનામત આપવાનું વિધેયક વિધાનસભાના બંને ગૃહે સર્વાનુમતે પસાર થયું.
- મહારાષ્ટ્ર સરકારે મરાઠાઓને નોકરી અને શિક્ષણમાં ૧૬ ટકા અનામત આપવાની દરખાસ્ત વિધાનસભામાં રજૂ કરી હતી.
- સરકાર ૫ ડિસેમ્બરથી રાજ્યના મરાઠા અનામત લાગુ કરવા માગે છે.
- આ આરક્ષણ મરાઠા સમુદાયને સ્ટેટ બેકવર્ડ ક્લાસ કમિશન (એસબીસીસીસી) હેઠળ આપવામાં આવશે.
- આ બિલ વિધાન પરિષદમાં પસાર થયા બાદ તે કાયદાનું સ્વરૂપ લેશે.

**(૨) સિંગલ ઇમર્જન્સી નંબર શરૂ કરનાર પ્રથમ રાજ્ય – હિમાચલ પ્રદેશ**

- ગૃહમંત્રી રાજનાથસિંહે હિમાચલ રાજ્યમાં ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) નંબર –૧૧૨ લોન્ચ કર્યો.
- હિમાચલ પ્રદેશ (ERSS) અમલમાં મૂકનાર પ્રથમ રાજ્ય બન્યું છે.
- આ ઇમરજન્સી નંબર દેશના અન્ય રાજ્યોમાં શરૂ કરવામં આવશે.
- મુખ્ય મથક : શિમલા, મુખ્યમંત્રી – જયરામ ઠાકુર
- રાજ્યપાલ : આચાર્ય દેવવ્રત

**(૩) કેશવ ગીંદ – શરણાઇ વાદક**

- જાણીતા શરણાઇ વાદક પંડિત કેશવ ગીંદને વર્ષે ૨૦૧૮ પ્રતિષ્ઠિત ભારત રત્ન પંડિત એનાયત કરવામાં આવશે.
- તેમને ક્લાસિકલ મ્યુઝિક માટે ભીમસેન જોશી લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.
- કેશવ ગીંદનો જન્મ પુણેમાં ૫ સપ્ટેમ્બર, ૧૯૪૨ના રોજ થયો હતો.

**(૪) મેસ્સી ચેમ્પિયન્સ લીગમાં ૧ ક્લબમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી :**

– બાર્સેલોનાના મેસ્સી ચેમ્પિયન્સ લીગમાં એક જ ક્લબ તરફથી સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યૂ છે.
– તેણે પીએસવી ઇંડોવેન સામે ૧ ગોલ કરીને આ રેકોર્ડ નોંધાવ્યો હતો.
– હવે તેના નામે ચેમ્પિયન્સ લીગમાં ૧૨૮ મેચમાં ૧૦૬ ગોલ છે.
– તેણે ક્રિસ્ટિયનો રોનાલ્ડોનો ૧૦૫ ગોલનો રેકોર્ડ તોડ્યો હતો. રોનાલ્ડોએ રિયલ મેડ્રિડ તરફથી ૧૦૫ ગોલ કર્યા હતા.
– ચેમ્પિયન્સ લીગમાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ રોનાલ્ડોના નામે છે.

**(૫) પોર્ટુગલમાં જુનિયર આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસમાં માનવે ૨ ટાઇટલ જીત્યા :**

– પોર્ટુગલના ગિમારેસમાં રમાયેલી પોર્ટુગલ જુનિયર અને કેડેટ ઓપન ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ માં માનવ ઠક્કર અને માનુષ શાહે ગોલ્ડ મેડલ જીત્યા છે.
– માનવ ઠક્કરે જુનિયર સિંગલસનું ટાઇટલ જીત્યા બાદ માનુષ શાહ સાથે જુનિયર બોયઝ ડબલ્સનું ટાઇટલ પણ જીત્યું હતું.
– માનવ ઠક્કર માટે આ અંતિમ જુનિયર આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ છે.
– માનવે આ સાથ ITTAF વર્લ્ડ સર્કિટની બોયઝ સિંગલ્સમાં સાત ફાઇનલરમીને ચોથું ટાઇટલ જીત્યું છે.

**(૬) મેગ્નસ કાર્લસન સતત ચોથીવાર ચેસનો વર્લ્ડ ચેમ્પિયન બન્યો :**

– નોર્વેનો મેગ્નસ કાર્લસન સતત ચોથીવાર ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યો છે.
– કાર્લસને અમેરિકાના ચેલેન્જર ફાબિયો કારુઆનાને ટાઇબ્રેકરમાં ૩–૦ થી હરાવ્યો હતો.
– બંને ખેલાડીઓ વચ્ચે ક્લાસિકલ ફોર્મેટની તમામ ૧૨ મેચ ડ્રો રહી હતી. ત્યારે ટાઇબ્રેકર રમાઇ હતી.
– કાર્લસન આ પહેલા ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૬માં પણ ચેમ્પિયન બન્યો હતો.
– કાર્લસને બેવાર ચેમ્પિયનશિપ મેચમાં ભારતના વિશ્વનાથન આનંદને હરાવ્યો હતો.

પ્રશ્નો :

૧ તાજેતરમાં મહારાષ્ટ્રે કયાં સમુદાયને આરક્ષણ આપવાનું વિધેયક પસાર કર્યું ?
– મરાઠા
૨ ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ અમલમાં મૂકનાર પ્રથમ રાજ્ય કયું છે ?
– હિમાચલ પ્રદેશ
૩ ચેમ્પિયન્સ લીગમાં એક ક્લબમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું નામ જણાવો ?
– લિયોનિયલ મેસ્સિ
૪ ચેમ્પિયન્સ લીગમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું નામ જણાવો ?
– રોનાલ્ડો
૫ તાજેતરમાં ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન બનનારનું નામ જણાવો ?
– મેગ્નસ કાર્લસન

Vivekanand Academy Gandhinagar